MANOGAT • Year-36 • Issue-22 • 25 February 2018 • Fagun Sud 9, Samvat 2074 • Yugabd 5119 • Price : Rs. 5/- • Pages : 28




બજેટ
૨૦૧૮

# મનોગત

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
योगः कर्मसु कौशलम्।



ભાજપનું કેન્દ્રીય કાર્યાલય

"પક્ષનું આ નવનિર્મિત કેન્દ્રીય કાર્યાલય ઈંટ-પથ્થરોથી બનેલી ફક્ત ઇમારત નથી,"

"પક્ષના કરોડો કાર્યકર્તાના અથાક પરિશ્રમનું પરિણામ છે"

# પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે યોજાયેલ 'સરપંચ અભિવાદન સમારોહ'ની તસવીરો




















Year - 36 • Issue - 22 • Pages-28


- અંદાજપત્ર ૨૦૧૮-૧૯ ૪
- નવા કેન્દ્રીય કાર્યાલયનું નિર્માણ ૧૬
- સરપંચ અભિવાદન સમારોહ ૧૯
- ભાજપની કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ ૨૨
- મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો વિધાનગૃહમાં રાજ્યપાલશ્રીના પ્રવચન પરનો આભાર પ્રસ્તાવ ૨૪



પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
**ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ**
દીનદયાળ ભવન, જે.પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨**
E-mail : manogat.1980@gmail.com



**તંત્રી મુદ્રક પ્રકાશક :**
**સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલે ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી એલાઈડ ઑફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ., ૧૪/૨, કાલિદાસ મિલ કંપાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૩૮૦૦૨૧ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧ થી પ્રગટ કર્યું.**

**Editor : Printer : Publisher :**
Surendrabhai Motilal Patel on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at Allied Offset Printers (Gujarat) Pvt. Ltd., 14/2, Kalidas Mill Compound, Gomtipur, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J.P.Chowk, Khanpur, Ahmedabad-380001.




## તંત્રીસ્થાનેથી

### ગુજરાત બજેટ : ૨૦૧૮-૧૯

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

જેમ મનોગતના ગત અંકમાં કેન્દ્રીય બજેટની મુદ્દાવાર માહિતી પ્રસિદ્ધ કરાઈ હતી તેવી જ રીતે ગુજરાત રાજ્યના બજેટની મહત્ત્વની મુદ્દાવાર માહિતીઓ મનોગતના આ અંકમાં આ સાથે પ્રસિદ્ધ કરવામાં આવી છે. બંને માહિતીઓનો વ્યાપક રીતે પ્રસાર થાય અને આમજનતા સુધી પહોંચાડવામાં આપણે સફળ રહીએ એ આવશ્યક બાબત છે.

ગુજરાતની તમામ મહાનગરપાલિકાઓ માટેનાં નિશ્ચિત વિકાસકામો માટેની જોગવાઈઓ, રાજ્યભરમાં હાથ ધરાયેલ ૧૦૦ જેટલા વિવિધ રસ્તાઓના ૧૨૦૧ કિ.મી.નાં કામો, કુલ ૧૦૦ જેટલા બ્રિજ, ૧૦૦૦ કિ.મી.ના રસ્તાઓને દ્વિમાર્ગી બનાવવાનાં કામો, ખેડૂતો માટે અગાઉ કોંગ્રેસી શાસનમાં ૧૮ - ૧૮%ના વ્યાજ ધિરાણ સામે ૦% વ્યાજના ધિરાણ માટેની અભૂતપૂર્વ ૫૦૦ કરોડ રૂપિયાની યોજના, આરોગ્ય માટે - મુખ્યમંત્રી અમૃતમ્ અને મા વાત્સલ્ય યોજના હેઠળ વાર્ષિક આવકમર્યાદા વધારીને ૩ લાખ અને સારવારમર્યાદા પણ વધારીને ૩ લાખ કરવાની ઘોષણાની સાથે-સાથે ૬ લાખની આવક ધરાવતા કુટુંબના ૬૦ વર્ષથી મોટા વડીલોને પણ આ યોજનામાં આવરી લેનારી જાહેરાત, યુવા રોજગારી માટે મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના દ્વારા ૧ લાખ યુવાનોને સહાય જેવી અનેક વિશેષ સહાય ઉપરાંત મેટ્રો ટ્રેન, સ્ટેચ્યુ ઑફ યુનિટી, સ્માર્ટ સિટી મિશન, લઘુઉદ્યોગો માટે સહાય, પ્રવાસન અને ધાર્મિક સ્થળોના વિકાસ માટેનાં નક્કર આયોજનો ખરા અર્થમાં અભિનંદનીય બાબત છે. માન. શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા રજૂ કરાયેલ આ બજેટ મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની ભાજપ સરકારનો ન માત્ર વિકાસ દસ્તાવેજ છે પરંતુ આ બજેટ નાણાકીય આયોજનનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ પણ છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ



**અંદાજપત્ર ૨૦૧૮-૧૯**



# સવા છ કરોડ ગુજરાતીઓની ક્ષમતા સોળે કળાએ ખીલી ઊઠે તેનો રોડ-મેપ આગામી વર્ષનું અંદાજપત્ર

## - નાણાપ્રધાન અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ

### કૃષિ, ખેડૂતકલ્યાણ અને સહકાર

પાક વીમા નિધિ સહિત પ્રધાનમંત્રી ફસલવીમા યોજના, ખેડૂત અકસ્માત વીમો, ભાવ સ્થિતીકરણ વગેરે કૃષિ ક્ષેત્રનાં જોખમોને પહોંચી વળવા અમારી સરકાર દ્વારા રૂ. ૧૧૦૧ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવેલ છે. ખેડૂતોની પ્રગતિ અને કલ્યાણ અમારી પ્રાથમિકતા હોઈ, ખેડૂતોને ઝીરો ટકાના વ્યાજે પાક ધિરાણ મળે તે માટે જોગવાઈ રૂ. ૫૦૦ કરોડ.

• કૃષિ યાંત્રિકીકરણ માટે કુલ ૨૩૫ કરોડની જોગવાઈ, જે અંતર્ગત ૨૯,૦૦૦ ખેડૂતોને ટ્રેક્ટરની ખરીદીમાં અને ૩૨,૦૦૦ ખેડૂતોને કૃષિ યાંત્રિકીકરણનાં વિવિધ ઓજારોની ખરીદીમાં સહાય આપવામાં આવશે. • અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને નાના-સીમાંત ખેડૂતોને હેન્ડ ટૂલ્સ કીટમાં સહાય આપવા રૂ. ૨૧ કરોડની જોગવાઈ. • પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ રૂ. ૮૫ કરોડની જોગવાઈ, જે અંતર્ગત અંદાજિત ૧૪,૨૦૦ ખેત તલાવડી બનાવવામાં આવશે. • ખેડૂતોને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિઓનું માર્ગદર્શન આપવા કૃષિ મહોત્સવ-૨૦૧૮ના આયોજન માટે રૂ. ૩૦ કરોડની જોવગાઈ. • ખેડૂતોને સમયસર અને પૂરતા જથ્થામાં રાસાયણિક ખાતર પૂરું પાડવા માટે રૂ. ૨૮.૫૦ કરોડની જોગવાઈ. • કોલ્ડ સ્ટોરેજની સંગ્રહક્ષમતા ૨૩ લાખ મેટ્રિક ટનથી વધારીને વર્ષ ૨૦૨૨ સુધીમાં ૩૦ લાખ મેટ્રિક ટન કરવાનું આયોજન છે. મલ્ટી કોમોડિટી કન્ટ્રોલ એટમોસ્ફીઅર ટેક્નોલોજી સાથેના કોલ્ડ સ્ટોરેજ ઊભા કરવા માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ. • ઓપરેશન ગ્રીન લાઈન હેઠળ શાકભાજી અને ફળો માટે પ્રાઈમરી અને એડવાન્સ પ્રોસીસંગ સુવિધા માટે ફેડરેશનની સ્થાપના કરવા રૂ. ૩૦ કરોડની જોગવાઈ, જેનાથી ખેડૂતોને ઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળશે. • ખેડૂતોને શાકભાજી પાકોમાં વધારે ઉત્પાદન મળી રહે તે આશયથી કાચા, અર્ધ પાકા અને પાકા ટ્રેલીઝ મંડપ કાર્યક્રમ હેઠળ રૂ. ૨૫ કરોડની જોગવાઈ, જેના અંતર્ગત ૭૦૦૦ હેક્ટરમાં કુલ ૧૪૦૦૦ ખેડૂતોને લાભ મળશે. • મધમાખીઉછેર પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે જોગવાઈ રૂ. ૧ કરોડ, જેનાથી આશરે ૨૦૦૦ ખેડૂતોને લાભ થશે.

૩૨,૮૬૨ હેક્ટર વિસ્તારમાં જમીન અને સંરક્ષણની તેમજ ક્ષારીય અને ભાષ્મિક જમીનોની સુધારણાની કામગીરી માટે રૂ. ૫૪૮ કરોડની જોગવાઈ, જેનાથી અંદાજિત ૨૪૯.૨૫ લાખ ઘન મીટર વરસાદી પાણીનો સંગ્રહ થશે. જેમાં, • પાકના રક્ષણ માટે ખેડૂતોના ખેતરમાં ૯૭.૫૦ લાખ રનીંગ મીટર તારની વાડ બનાવવામાં આવશે, જેના માટે રૂ. ૨૦૦ કરોડની જોવગાઈ. • જળ સંગ્રાહકનાં કામોમાં ૨૮૯૬ ખેત તલાવડી, ૮૬૦ સીમ તલાવડી, ૧૯૦૦ જળ સંગ્રાહક સ્ટ્રક્ચર, ૨૧૬ પરકોલેશન ટેન્ક અને ૨૮૮ ગામતળાવ ઊંડા કરવામાં આવશે. • ૨૮૧૩ ખેડૂતોના ખેતરમાં પાણી સંગ્રહ સ્રોત ઊભા કરવામાં આવશે. • કચ્છ અને સૌરાષ્ટ્ર વિસ્તારના દૂધ ઉત્પાદક સહકારી સંઘો તેમજ ડેરી વિકાસ યોજના માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ. • મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ. • કામધેનુ યુનિવર્સિટી માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ. • રાજ્યના તમામ જિલ્લાઓમાં કરુણા એનિમલ એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં આવશે, જે માટે રૂ. ૨૬ કરોડની જોગવાઈ. • ૪૪૯૭ પશુઆરોગ્ય મેળાના આયોજન માટે રૂ. ૪.૫૦ કરોડની જોગવાઈ.

ગૌ-શાળા અને પાંજરાપોળની માળખાકીય સુવિધાઓને સુદૃઢ કરવા તથા ગીર અને કાંકરેજ ગાયના કૃત્રિમ બીજદાનથી જન્મેલ વાછરડીઓની જાળવણી માટે રૂ. ૪૪ કરોડની જોગવાઈ.

### મત્સ્યોદ્યોગ

• યુરોપિયન યુનિયનનાં નવાં ધોરણો મુજબ ગુજરાતનાં નવાં મત્સ્ય બંદરો જેવાં કે માંગરોળ, નવાબંદર, વેરાવળ, માઢવાડ, પોરબંદર અને સૂત્રાપાડા ખાતે માળખાકીય સુવિધાઓના નિર્માણ અને હયાત મત્સ્ય બંદરો ખાતેની માળખાકીય સુવિધાઓની સુધારણા માટે કુલ જોગવાઈ રૂ. ૨૮૦ કરોડ. • હાઈ સ્પીડ ડીઝલ ઓઈલ પરની વેરામાફીની યોજના પેટે જોગવાઈ રૂ. ૧૦૨ કરોડ. • બળતણનો ખર્ચ ઘટે અને પ્રદૂષણ ઓછું થાય તેવા આધુનિક એન્જિનની ખરીદી પર માછીમારોને સહાય આપવા માટે નવી યોજના અમલમાં મૂકવામાં આવશે, જેના માટે જોગવાઈ રૂ. ૧૦ કરોડ. • માછીમાર કુટુંબને જૂથ અકસ્માત સહાય યોજના માટે રૂ. ૬૦ લાખની જોગવાઈ.

### યુવા રોજગારી અને સશક્તિકરણ

યુવાઓને રોજગાર અને વ્યવસાયની વ્યાપક તકો પ્રાપ્ત થાય તે માટે કુલ રૂ. ૭૮૫ કરોડની માતબર રકમની જોવગાઈ કરવામાં આવેલ છે, જેનાથી ૩.૫૦ લાખ યુવાઓને રોજગારીની તકો ઉપલબ્ધ થશે. • મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના : જે યુવાનો અને યુવતીઓ એપ્રેન્ટીસ કાયદા હેઠળ આવરી લીધેલ કારખાનાં, હોટલો, હોસ્પિટલો, ટ્રાન્સપોર્ટ, બેન્કો, ખાણ ઉદ્યોગ, આઈ.ટી. ઉદ્યોગ, ફાઈનાન્સિયલ સર્વિસીસ વગેરે જેવા વ્યાપક રોજગારી આપતાં એકમોમાં એપ્રેન્ટીસ તરીકે જોડાશે, તેમને જે - તે કંપનીના વળતર ઉપરાંત ગુજરાત સરકાર તરફથી મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના અંતર્ગત એક વર્ષ સુધી પ્રોત્સાહક રકમની સહાય આપવામાં આવશે. આ યોજના હેઠળ, સ્નાતક યુવાનોને માસિક રૂ. ૩૦૦૦, ડિપ્લોમા ધારકને માસિક રૂ. ૨૦૦૦ અને અન્યોને માસિક રૂ. ૧૫૦૦ આપવામાં આવશે, જેના માટે રૂ. ૨૭૨ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. ગુજરાત સરકારની આ સહાય ઉપરાંત જે એકમોને એપ્રેન્ટીસ એક્ટ અન્વયે ભારત સરકાર તરફથી માસિક રૂ. ૧૫૦૦ની સહાય આપવામાં આવે છે તે પણ મળવાપાત્ર થશે. આ યોજના અંતર્ગત એક લાખ યુવાઓને સહાય આપવામાં આવશે. • પશુ ફાર્મની સ્થાપના : યુવાવર્ગ પશુપાલનના વ્યવસાયને અપનાવવા માટે પ્રેરાય અને સ્વ-રોજગારીની વધુ તકો ઊભી થાય તે માટે ૧૨ દુધાળાં પશુ ફાર્મની સ્થાપના માટે એક ફાર્મ દીઠ રૂ. ૩ લાખ સુધીની સહાય આપવામાં આવશે. આવા કુલ ૫૦૦૦ ફાર્મની સ્થાપના માટે પ્રથમ વર્ષે સહાય આપવા પેટે રૂ. ૧૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. આ યોજનાથી આશરે ૨૫,૦૦૦ વ્યક્તિઓને રોજગારી ઉપલબ્ધ થશે. • મુખ્યમંત્રી ગ્રામોદય યોજના : અંદાજે ૫૦,૦૦૦ જેટલા ગ્રામીણ વિસ્તારના કુશળ અને અર્ધ-કુશળ શ્રમિકો તથા લઘુ અને સૂક્ષ્મ ઉદ્યોગ સાહસિકોને મદદ કરી ગ્રામીણ વ્યવસાયો જેવા કે વેલ્ડીંગકામ, સુથારીકામ, લુહારીકામ, માટીકામ, મોચીકામ, દરજીકામ, હેરકટીંગ સલૂન, હસ્તકલા, ખાદી એકમો વગેરેને સાધનસહાય આપવાના હેતુથી અમારી સરકાર દ્વારા નવી મુખ્યમંત્રી ગ્રામોદય યોજના અંતર્ગત ૬ ટકા સુધીની વ્યાજ સબસીડી આપવામાં આવશે. આ ઉપરાંત, મહિલાઓ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ અને દિવ્યાંગને ૨ ટકા વધારાની વ્યાજ સહાય આપવામાં આવશે, જેના માટે રૂ. ૬૦ કરોડની જોગવાઈ. • શ્રી વાજપાઈ બેન્કેબલ યોજના હેઠળ ૪૦,૦૦૦ લાભાર્થીઓને ઉદ્યોગ, સેવા અને વેપાર - એમ ત્રણે ક્ષેત્રમાં રૂ. ૮ લાખ સુધીના ધિરાણ સામે ૨૦ ટકાથી ૪૦ ટકા સુધીની કેપિટલ સબસીડી આપવામાં આવે છે, જેના માટે રૂ. ૧૯૭ કરોડની જોગવાઈ. • એપરલ એન્ડ ગારમેન્ટ પોલિસી અંતર્ગત સ્થાપવામાં આવેલા એકમોમાં કામ કરતા પુરુષ કામદારોને માસિક રૂ. ૩૨૦૦ અને મહિલા કામદારોને માસિક રૂ. ૪૦૦૦ આંશિક વેતન રાજ્ય સરકાર તરફથી પાંચ વર્ષ માટે આપવામાં આવશે, જેના થકી આગામી પાંચ વર્ષમાં લગભગ એક લાખ વ્યક્તિઓને રોજગારી આપવાનો લક્ષ્યાંક છે. • આગામી વર્ષમાં સરકારના વિવિધ વિભાગોમાં અંદાજિત ૩૦,૦૦૦ નવી ભરતી કરવામાં આવશે, જેથી યુવાનોને સરકારી સેવામાં જોડાવાની વિપુલ તકો ઉપલબ્ધ થશે. • માનવ કલ્યાણ યોજના અન્વયે ૪૮,૦૦૦ લાભાર્થીઓને ધંધા-રોજગાર માટે રૂ. ૨૦૦૦૦ સુધીની ટૂલ-કીટ વિના મૂલ્યે પૂરી પાડવા માટે રૂ. ૬૦ કરોડની જોગવાઈ.

### શિક્ષણ

**શિક્ષણ વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૨૭,૫૦૦ કરોડ**

• પ્રાથમિક શાળાઓમાં નવા વર્ગખંડોના બાંધકામ માટે રૂ. ૬૭૩ કરોડની જોગવાઈ. • ધોરણ ૮ પાસ કર્યા બાદ કન્યાઓ ડ્રોપ આઉટ ન થાય તે હેતુથી ધોરણ ૯ અને ધોરણ ૧૦ માટે નિવાસી વ્યવસ્થા ઊભી કરવા માટે રૂ. ૬૯ કરોડની જોગવાઈ, જેનાથી ૬૪૭૫ કન્યાઓને લાભ થશે. • ધોરણ ૬ થી ૮ના બાળકોમાં જિજ્ઞાસાવૃત્તિ, રચનાત્મકતા અને કલ્પનાશક્તિ તથા વૈજ્ઞાનિક અભિગમ વિકસાવવા માટે તાલુકાદીઠ ૫ શાળા લેખે રાજ્યની ૧૨૫૦ શાળાઓમાં સાયન્સ સેન્ટર ઊભાં કરવા રૂ. ૩૭.૫૦ કરોડની જોગવાઈ. • ગયા વર્ષથી અમારી સરકાર દ્વારા 'જ્ઞાનકુંજ' પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવેલ છે, જેનાથી

શિક્ષણ રસપ્રદ અને ગુણવત્તાયુક્ત બન્યું છે. ખાસ કરીને ગણિત અને વિજ્ઞાન જેવા વિષયોની સમજ વિદ્યાર્થીઓમાં વધુ સારી રીતે કેળવાય છે. આમ, આ પ્રોજેક્ટનો વ્યાપ વધારવાના હેતુથી ૪૦૦૦ શાળાઓમાં ધોરણ ૭ અને ૮ના ૮૦૦૦ વર્ગખંડોમાં 'જ્ઞાનકુંજ' પ્રોજેક્ટ અને NCERT આધારિત ધોરણ ૫થી ૮ના અભ્યાસક્રમના ઇ-કન્ટેન્ટ વિકસાવવા માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ. 'જ્ઞાનકુંજ' પ્રોજેક્ટનો લાભ ૩ લાખથી વધુ વિદ્યાર્થીઓ તથા ઇ-કન્ટેન્ટનો લાભ ૫૮ લાખ જેટલા વિદ્યાર્થીઓને મળશે. • ધોરણ ૩થી ૮નાં ૪૨ લાખ બાળકોને ગણિત વિષયની અને ધોરણ ૬ થી ૮નાં ૨૧ લાખ બાળકોને વિજ્ઞાન વિષયની પાયાની સંકલ્પનાઓ શીખવા માટે મહાવરો મળે તે હેતુથી વિનામૂલ્યે વર્કબુક પૂરી પાડવા રૂ. ૧૫ કરોડની જોગવાઈ. • પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોને વિવિધ વિષયોની તાલીમ આપવા માટે રૂ. ૧૩ કરોડની જોગવાઈ.

## દૂધ સંજીવની યોજના

આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકો તેમજ ધાત્રી માતાઓ સહિત અંદાજિત ૨૯.૮૧ લાખ લાભાર્થીઓને દૂધ સંજીવની યોજના મારફત ફ્લેવર્ડ દૂધ પૂરું પાડવા માટે કુલ રૂ. ૩૭૭ કરોડની જોગવાઈ.

## ઉચ્ચ શિક્ષણ અંતર્ગત

• ગત વર્ષે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ની બોર્ડની પરીક્ષા ઉત્તીર્ણ કરી ડિપ્લોમા તેમજ સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોના પ્રથમ વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓને રૂ. ૧૦૦૦ના ટોકન દરે ટેબ્લેટ આપવાની યોજના વિદ્યાર્થીઓને ખૂબ જ ઉપયોગી સાબિત થયેલ છે. આગામી વર્ષે અંદાજે ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા માટે કુલ જોગવાઈ રૂ. ૧૫૦ કરોડ. • સરકારી યુનિવર્સિટી તથા કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પાયાની સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે માળખાકીય સુવિધાઓમાં વધારો કરવા, નવા બાંધકામ અને હયાત બાંધકામની સુધારણા માટે રૂ. ૨૫૭ કરોડની જોગવાઈ. • ગુજરાત યુનિવર્સિટી ખાતે રિસર્ચ પાર્ક સ્થાપવા માટે જોગવાઈ રૂ. ૪૨ કરોડ. • ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણની કૉલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વ્યવસાય અને વ્યવહારલક્ષી સોફ્ટ સ્કીલ્સની તાલીમ આપી વિદ્યાર્થીઓની રોજગારલક્ષી કુશળતામાં વધારો કરવા ફીનિશીંગ સ્કૂલ હેઠળ રૂ. ૧૧ કરોડની જોગવાઈ. • ડિજિટલ એજ્યુકેશન ડેવલપમેન્ટ ફંડ અંતર્ગત ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓમાં ડિજિટલ ગેપની પૂર્તતા માટે ડિજિટલ ક્લાસરૂમ ઊભા કરવા, ઇ-લાઇબ્રેરીના નિર્માણ, સરકારી સંસ્થાઓ/યુનિવર્સિટીઓ ખાતે NAMO Wi-Fi સુવિધાનો વ્યાપ વધારવા વગેરે માટે કુલ જોગવાઈ રૂ. ૩૦ કરોડ. • એન્જિનિયરીંગ, ડિઝાઇન અને આંત્રપ્રિન્યોરશીપને સપોર્ટ કરતી આધુનિક મેકર્સ લેબની ૩ પ્રાદેશિક અને એક સેન્ટ્રલ પ્રયોગશાળાના નિર્માણ માટે કુલ રૂ. ૬ કરોડની જોગવાઈ. • રાજ્યની સરકારી ઇજનેરી કૉલેજ ખાતે એરોસ્પેસ, ડિફેન્સ અને નવા શરૂ થનાર અભ્યાસક્રમો માટે રૂ. ૫ કરોડની જોગવાઈ. • સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઇનોવેશન પૉલિસી હેઠળ નોલેજ કન્સોર્ટીયમ ઓફ ગુજરાત ખાતે નવું હબ સ્થાપવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ. • GTU ના નવા કેમ્પસના વિકાસ માટે પ્રારંભિક રૂ. ૧૩ કરોડની જોગવાઈ.

## મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો, ગણવેશ, ટ્યુશન ફી, ભોજનાલય અને છાત્રાલય વગેરે સુવિધાઓ પૂરી પાડવા માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ કુલ જોગવાઈ રૂ. ૯૦૭ કરોડ, જેનાથી અંદાજિત ૧૪૦ કરોડ વિદ્યાર્થીઓને લાભ થશે.

## આરોગ્ય અને પરિવાર કલ્યાણ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૯૭૫.૫૦ કરોડ

• ગરીબ અને મધ્યમવર્ગના પરિવારોને ગંભીર બીમારીની સારવારના ખર્ચમાં રાહત આપતી અત્યંત લોકપ્રિય મુખ્યમંત્રી અમૃતમ્ (મા) અને મા-વાત્સલ્ય યોજનાનો મધ્યમ વર્ગના વધુ લોકોને લાભ મળે તે માટે કુલ રૂ. ૭૦૦ કરોડની જોગવાઈ કરેલ છે, જેની સાથે યોજનામાં - વાર્ષિક આવકમર્યાદા રૂ. ૨.૫૦ લાખથી વધારીને રૂ. ૩ લાખ કરવામાં આવશે. - હાલની સારવાર માટેની મર્યાદા રૂ. ૨ લાખથી વધારીને રૂ. ૩ લાખ કરવામાં આવશે. - વાર્ષિક રૂ. ૬ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના સિનિયર સિટીઝનને આ યોજના હેઠળ આવરી લેવામાં આવશે. - કીડની, લીવર અને પેન્ક્રીઆઝના પ્રત્યારોપણ માટે રૂ. ૨ લાખ સુધી સહાય આપવામાં આવતી હતી, જેમાં વધારો કરી રૂ. ૫ લાખ સુધીની સહાય આપવામાં આવશે, જેમાં દવાઓ સહિત ઓપરેશન ખર્ચ મળવાપાત્ર થશે. - આરોગ્યની સુવિધાઓ વધતાં તથા વધુ સ્વસ્થ જીવન મળવાના કારણે રાજ્યના નાગરિકોનું આયુષ્ય વધ્યું છે. તેથી ઉંમર લાયક વ્યક્તિઓની સંખ્યા પણ વધી છે. આવા વ્યક્તિઓમાંથી ઘણા લોકોને ઘૂંટણ અને થાપાના હાડકાં

# પ્રજાએ ગુજરાત સરકારમાં મૂકેલા જનવિશ્વાસનું પ્રતિબિંબ પાડતું જનહિતકારી બજેટ છે - મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી



મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યના ૨૦૧૮-૧૯ના વર્ષના બજેટ-અંદાજપત્રને પ્રજાજનોએ સરકારમાં મૂકેલા જનવિશ્વાસનું પ્રતિબિંબ પાડતું જનહિતકારી બજેટ ગણાવ્યું છે. તેમણે નાયબ મુખ્યમંત્રી-નાણામંત્રીશ્રી નીતિનભાઈ પટેલે વિધાનસભા ગૃહમાં રજૂ કરેલા વર્ષ ૨૦૧૮-૧૯ના આ બજેટને લોકકલ્યાણ સાર્વત્રિક વિકાસલક્ષી અને સામાજિક સમરસતા પ્રતિપાદિત કરનારું બજેટ કહ્યું છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ આ બજેટમાં કરવામાં આવેલી રૂ. ૧,૮૩,૬૬૬ કરોડની જંગી જોગવાઈઓ બધા જ વિભાગો-ક્ષેત્રોને વિકાસની નવી ઊંચાઈએ પહોંચાડશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ખેડૂત, ગામડું, યુવાશક્તિને રોજગારી, શહેરોનો વિકાસ, પીડિત-શોષિત વર્ગોનું કલ્યાણ તેમજ અનુસૂચિત જાતિ-જનજાતિ, વરિષ્ઠ નાગરિકો, મહિલા-બાળકલ્યાણ તમામ ક્ષેત્રો માટે માતબર નાણાં જોગવાઈ કરીને હરેક વર્ગોને માટે કોઈ ને કોઈ ભેટ લઈને આ બજેટ આવ્યું છે.

તેમણે ઉમેર્યું કે, ભૂતકાળમાં ૧૮ ટકા જેટલું વ્યાજ ભોગવતા ખેડૂતોની ચિંતા-કાળજી કરીને શૂન્ય ટકા વ્યાજે ધિરાણ આપવાની પહેલ આ બજેટમાં કરી છે. આ માટે રૂ. ૫૦૦ કરોડ ફાળવ્યા છે. ઉપરાંત પાક વીમા માટે રૂ. ૧૧૦૦ કરોડ, ટેકાના ભાવે ખરીદી, ટ્રેકટર-આધુનિક સાધનો ઓજારો માટે રૂ. ૨૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. કૃષિકારોને પૂરતી વીજળી, પાણી, ખાતર સહિતની પ્રાથમિક સુવિધા અને રોઝ-ભૂંડ પાક બગાડે નહિ તે માટે કાંટાળી તારની વાડ માટે રૂ. ૨૦૦ કરોડના પ્રાવધાનને પણ મુખ્યમંત્રીશ્રીએ આવકાર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, રાજ્યની યુવાશક્તિને અવસરો આપીને યુવાનો થકી નયા ગુજરાત-નયા ભારતના સપનાને સાકાર કરવા સરકાર અનેક નવી પહેલરૂપ યોજના બજેટમાં લાવ્યા છીએ. મુખ્યમંત્રી એપ્રેન્ટિસશીપ યોજના અન્વયે રૂ. ૧૫૦૦થી ૩ હજારની માસિક પ્રોત્સાહક રકમ આપવા સાથે રોજગાર મેળાઓ દ્વારા ચાર લાખ યુવાઓને રોજગારી, સરકારી વિભાગોમાં ૩૦ હજાર નવી ભરતી કરવાની બાબત બજેટની મુખ્ય વિશેષતા વર્ણવી હતી. તેમણે ગ્રામીણ વિસ્તારના કુશળ-અર્ધકુશળ શ્રમિકોના વ્યવસાયોને પ્રોત્સાહન આપવા મુખ્યમંત્રી ગ્રામોદય યોજના માટેના પ્રાવધાન અને યુવા સ્કીલ ડેવલપમેન્ટ માટે સ્ટાર્ટ અપ-સ્ટેન્ડ અપ, ઈન્કયુબેટર, આઈ-ક્રિએટ અને સેન્ટર ઓફ એકસલન્સની જોગવાઈને આવકારી હતી.

શ્રી વિજયભાઈ રૂપાણીએ મુખ્યમંત્રી અમૃતમ્-મા વાત્સલ્યમ્ યોજના અંતર્ગત લાભાર્થીની આવકમર્યાદા રૂ. બે લાખથી વધારી ૩ લાખ કરવાના, સિનિયર સિટીઝનને પણ આવરી લેવાના અને જીવલેણ-ગંભીર બીમારીની સારવારમાં નોંધારાનો આધાર બની સરકારે સારવારમર્યાદા ૩ લાખ કરી છે તેને પણ જનહિત પ્રતિબદ્ધતા વર્ણવી હતી. મુખ્યમંત્રીશ્રીએ આ બજેટને સર્વપોષક-સર્વસમાવેશક, લોકોપયોગી બજેટ ગણાવ્યું હતું. તેમણે નર્મદા યોજના, શહેરી વિકાસ, સ્માર્ટ સિટીઝ, સૌની યોજના, ડિજિટલ ગુજરાત, સાયબર ક્રાઈમ પ્રિવેન્શન સહિતનાં તમામ ક્ષેત્રોને આવરી લેતું વિશાળ હિતકારી કદમ ગણાવ્યું છે. શ્રી વિજયભાઈ રૂપાણીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે બજેટમાં બધાં જ ક્ષેત્રોને ફાળવાયેલાં નાણાંથી ગુજરાતના વિકાસની નવી રફતારને બળ મળશે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાત બેસ્ટ ડેસ્ટિનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ અને લેન્ડ ઓફ ઓર્પોચ્યુનિટી તો છે જ. હવે આ બજેટમાં રાજ્યના પ્રત્યેક ક્ષેત્રને આવરી લઈ સામાજિક સમરસતાનું રાજ્ય બન્યું છે તેમ નાયબ મુખ્યમંત્રીશ્રી-નાણામંત્રીશ્રીને અભિનંદન પાઠવતાં જણાવ્યું હતું.

બદલવાની આવશ્યકતા ઊભી થાય છે. તેથી તેમને પણ આર્થિક સહાય આપવાનો અમે નિર્ણય કર્યો છે. ની-રીપ્લેસમેન્ટ તથા હીપ-રીપ્લેસમેન્ટ માટે એક પગના ઓપરેશન દીઠ રૂ. ૪૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે અને બે પગના ઓપરેશનના કિસ્સામાં રૂ. ૮૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવશે.

આ યોજનાના વ્યાપ વધારા અને અતિરિક્ત લાભોની જોગવાઈના પરિણામે અંદાજિત ૬૦ લાખ પરિવારોને એટલે કે રાજ્યના ત્રણ કરોડ નાગરિકોને લાભો મળશે.

• પેટા આરોગ્યકેન્દ્રથી માંડીને સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલો સુધી ૨૫૦થી ૬૪૨ પ્રકારની આરોગ્યરક્ષક દવાઓ વિનામૂલ્યે પૂરી પાડવા માટે કુલ જોગવાઈ રૂ. ૪૭૦ કરોડ. • મુખ્યમંત્રી નિદાન યોજના અંતર્ગત રાજ્યની આરોગ્ય સંસ્થાઓમાં જુદા-જુદા પ્રકારની ગુણવત્તાસભર ડાયગ્નોસીસ સેવાઓ વિનામૂલ્યે પૂરી પાડવા માટે કુલ જોગવાઈ રૂ. ૧૬૫ કરોડ. મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, સીઝનલ ફ્લુ વગેરે રોગોના નિયંત્રણ માટે રૂ. ૧૨૯ કરોડની જોગવાઈ. • ઓછા વજન સાથે જન્મેલા બાળકો માટેની સફળ બાલસખા-૩ યોજનાનો વ્યાપ વધારી સમગ્ર રાજ્યમાં અમલ કરવા રૂ. ૫૯ કરોડની જોગવાઈ. • ૫૯૩ પેટાકેન્દ્રો, ૧૨૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તથા ૭ સામૂહિક આરોગ્યકેન્દ્રોનાં બાંધકામ માટે કુલ રૂ. ૯૭ કરોડની જોગવાઈ. • ૧૭ સામૂહિક આરોગ્યકેન્દ્રો ખાતે બ્લડ સ્ટોરેજ યુનિટની સુવિધા માટે તથા ૭૩ સામૂહિક આરોગ્યકેન્દ્રો ખાતે ફિઝિયોથેરાપીનાં સાધનો પૂરાં પાડવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ. • આશા બહેનોની કામગીરીને પ્રોત્સાહિત કરવા ઉત્તરોત્તર ઈન્સેન્ટિવમાં વધારો કરવામાં આવેલ છે, જે માટે કુલ જોગવાઈ રૂ. ૨૪૨ કરોડ. • ખિલખિલાટ સેવા દ્વારા નવજાત શિશુ અને માતાને ઘર સુધી પહોંચાડવા માટે નવાં ૨૦૦ વાહનોની ખરીદી પેટે જોગવાઈ રૂ. ૮ કરોડ.

તબીબી સેવાઓ માટે કુલ જોગવાઈ રૂ. ૮૬૬ કરોડ. • સામૂહિક આરોગ્ય કેન્દ્રો ડાકોર, અંજાર, ઉના અને ઉચ્છલને ૧૦૦ પથારીની સુવિધા ધરાવતી પેટા જિલ્લા હોસ્પિટલમાં અપગ્રેડ કરવા માટે રૂ. ૧૬ કરોડની જોગવાઈ. • નવજાત શિશુની નાજુક પરિસ્થિતિ સમયે ઉપસ્થિત થતી કટોકટી નિવારવા ઈન્ટર હોસ્પિટલ ટ્રાન્સફર માટે તમામ જિલ્લામાં નિયોનેટલ એમ્બ્યુલન્સ સર્વિસ શરૂ કરવા માટે રૂ. ૩ કરોડની જોગવાઈ. • દરિયા કાંઠાના વિસ્તારોમાં બોટ એમ્બ્યુલન્સની સેવા શરૂ કરવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ. • ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા માટે ૧૦૦ નવી એમ્બ્યુલન્સ ખરીદવા માટે રૂ. ૨૨ કરોડની જોગવાઈ. • ઈન્ટર હોસ્પિટલ ટ્રાન્સફર માટે ૧૫ નવી એમ્બ્યુલન્સ ખરીદવા માટે જોગવાઈ રૂ. ૨૪ કરોડ. • વયસ્ક વ્યક્તિઓની તબીબી ગૃહમુલાકાત, ટ્રોમા કેર સેન્ટર, માનસિક આરોગ્ય હેલ્પલાઈન થકી માનસિક આરોગ્ય સારવાર, સમ-પરામર્શ સેન્ટર, કોગ્નિટીવ તેમજ ઈમોશનલ ડેવલપમેન્ટ ઓફ બેબી વગેરે માટે કુલ રૂ. ૧૨ કરોડની જોગવાઈ. • સિવિલ હૉસ્પિટલ અમદાવાદ ખાતે 'ગુજરાત પેરીનેટોલોજી ઈન્સ્ટિટ્યૂટ' શરૂ કરવા માટે રૂ. ૧ કરોડની જોગવાઈ. • રાજ્ય સરકાર દ્વારા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોનો સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત નવી ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પિટલોને પણ સહાય આપવાનું આયોજન છે, જેના માટે કુલ રૂ. ૩૯ કરોડની જોગવાઈ. • જનરલ હૉસ્પિટલ નવસારી ખાતે નવું ઓ.પી.ડી. બિલ્ડીંગ તથા નર્સિંગ હોસ્ટેલના બાંધકામ માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.

### ભારતીય તબીબી અને હોમિયોપથી પદ્ધતિના વિકાસ માટે કુલ જોગવાઈ રૂ. ૩૧૫ કરોડ

• સૌથી જૂની અખંડાનંદ આયુર્વેદ હૉસ્પિટલનું નવું બિલ્ડીંગ બનાવવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ. • અંબાજી, દેવભૂમિ દ્વારકા, સોમનાથ, સાપુતારા, પાલીતાણા, માંડવી(કચ્છ), નવસારી, તિથલ, વલસાડ, વડનગર ખાતે આયુર્વેદ ટૂરિઝમ માટે 'વેલનેસ સેન્ટર' શરૂ કરવા રૂ. ૫ કરોડની જોગવાઈ. • ૬ સરકારી આયુર્વેદ કૉલેજોની પ્રવેશ ક્ષમતા ૬૦થી વધારી ૧૦૦ કરવા માટે રૂ. ૨ કરોડની જોગવાઈ. • આયુર્વેદ રસાયન ચિકિત્સા કાર્યક્રમ દ્વારા કુપોષણની સારવાર માટે રૂ. ૧ કરોડની જોગવાઈ. • 'આયુષથી આરોગ્ય' મેળા યોજવા જોગવાઈ રૂ. ૧.૭૦ કરોડ.

### મહિલા અને બાળવિકાસ

મહિલા અને બાળવિકાસ વિભાગ અંતર્ગત મહિલા અને બાળકોના પોષણ અને સામાન્ય સુખાકારી માટે જોગવાઈ કુલ રૂ. ૩૦૮૦ કરોડ.

### ઉદ્યોગ અને ખાણ

ઉદ્યોગ અને ખાણ વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૪૪૧૦ કરોડ. અમારી સરકારે ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમો (MSME)ના વિકાસ માટે વિશેષ યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓ અંતર્ગત પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. ૫૦ લાખ, રૂ. ૨ કરોડ, રૂ. ૧૦ કરોડ સુધીનું મૂડીરોકાણ ધરાવતા એકમોને સહાય પૂરી પાડવામાં આવે છે. આ માટે આગામી વર્ષે કુલ જોગવાઈ રૂ.

ડૉ. હર્ષદ પટેલ



# ગુજરાતની વિકાસયાત્રાને નવી ઊંચાઈઓ ઉપર લઈ જવાની કટિબદ્ધતા ધરાવતું વિકાસલક્ષી બજેટ - શ્રી જીતુભાઈ વાઘાણી

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ રાજયના નાણાપ્રધાન અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરેલા ગુજરાત સરકારના અંદાજપત્રને ગામ, ગરીબ અને ખેડૂતો માટે વિકાસલક્ષી અને યુવા રોજગારીની નવી તક ઉપલબ્ધ કરાવનારું સર્વસમાવેશક ગણાવ્યું હતું.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ ગુજરાતની વિકાસયાત્રાને નવી ઊંચાઈઓ ઉપર લઈ જવાની કટિબદ્ધતા ધરાવતા આ બજેટમાં કૃષિવિકાસ, ખેડૂત કલ્યાણ, યુવા રોજગાર, મહિલા સશક્તિકરણ તેમજ ગરીબ અને મધ્યમ વર્ગની આર્થિક તથા સામાજિક સુખાકારીને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સમાજના તમામ વર્ગોની સમૃદ્ધિ અને પ્રગતિ માટેનો રોડમેપ દર્શાવતા સર્વસમાવેશક અને સંતુલિત વિકાસલક્ષી આ બજેટમાં માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં છેવાડાના માનવી સુધી પાયાની સવલતો પહોંચાડવાની સાથે વૈશ્વિક સ્તરની આંતરમાળખાકીય સુવિધાઓના નિર્માણ સાથે વિકાસપથ પર ગુજરાતને સદા અગ્રેસર રાખવા માટેના વિકાસલક્ષી પ્રાવધાન કરવામાં આવ્યાં છે. તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્રની તથા રાજયની ભા.જ.પા સરકારોએ કૃષિવિકાસ અને ખેડૂત કલ્યાણકારી નીતિઓને હંમેશા પ્રાધાન્ય આપ્યું છે. ૨૦૧૮-૨૦૧૯ના વર્ષ માટેના ગુજરાત સરકારના અંદાજપત્રમાં પણ કૃષિ અને ખેડૂત કલ્યાણ માટે કુલ રૂા.૬૭૫૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોને ઝીરો ટકાના વ્યાજે પાક ધિરાણ મળે તે માટે રૂા.૫૦૦/- કરોડની જોગવાઈ તેમજ ટેકાના ભાવે ખરીદી, સ્ટોરેજક્ષમતામાં વધારો, પાક વીમા નીતિ સહિત પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના, ખેડૂત અકસ્માત વીમો, ભાવ સ્થિરીકરણ વગેરે કૃષિ ક્ષેત્રોનાં જોખમોને પહોંચી વળવા રૂપિયા ૧૧૦૧/- કરોડ જેટલી માતબર રકમની ફાળવણી, પાકના રક્ષણ માટે ખેતરોમાં તારની વાડ બનાવવા માટે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઈ સહિત પાણી પુરવઠા માટે રૂપિયા ૧૪૮૯૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામીણક્ષેત્રોમાં ૧૦૦ નવા વીજ સબસ્ટેશનો બનાવવાની જાહેરાત કરવામાં આવી છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વ હેઠળની સરકારે સંવેદનશીલતાનો પરિચય કરાવતાં મુખ્યમંત્રી અમૃતમ્ યોજના અને મા વાત્સલ્ય યોજનાનો વ્યાપ વધારતા વાર્ષિક આવકમર્યાદા ૨.૫૦ લાખથી વધારી ૩ લાખ કરવામાં આવી અને હાલની સારવાર માટેની મર્યાદા પણ ૨ લાખથી વધારી ૩ લાખ કરવામાં આવી છે. આ ઉપરાંત વાર્ષિક ૬ લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના સીનીયર સિટીઝન્સને આ યોજના હેઠળ આવરી લીધા છે. કુલ મળીને ગુજરાતના ૬૦ લાખ પરિવારોને આ યોજનાનો લાભ મળશે. તેમણે જણાવ્યું છે કે, રાજયમાં યુવા રોજગારીને પ્રોત્સાહન આપવા માટે ઐતિહાસિક કહી શકાય તેવી ''મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના'' ની જાહેરાત કરવામાં આવેલ છે. તે અંતર્ગત સ્નાતકને માસિક રૂા.૩૦૦૦/-, ડિપ્લોમા ધારકોને માસિક રૂા.૨૦૦૦/-, તેમજ અન્યોને માસિક રૂા. ૧૫૦૦/- લેખે એક લાખ યુવાઓને સહાય આપવામાં આવશે. તેમજ આ વર્ષે વધુ ૩૦૦૦૦ યુવાઓને સરકારના વિવિધ વિભાગોમાં નોકરીઓ આપવામાં આવશે. આ ઉપરાંત ચાર લાખ જેટલા યુવાઓને ભરતી મેળાના માધ્યમથી ખાનગી એકમોમાં રોજગારી ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ ઉપરાંત મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના માટે રૂા.૯૦૭ કરોડની જોગવાઈ તેમજ નાના વ્યવસાયકારોને ધંધાકીય લોનમાં વ્યાજ રાહતની પણ જાહેરાત કરવામાં આવી છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ બજેટની અન્ય જોગવાઈઓનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે ૫૯૨ કરોડ, સ્ટેચ્યુ ઓફ યુનિટી માટે ૮૯૯ કરોડ રૂપિયા, આઠ મહાનગરપાલિકાઓમાં વિવિધ આંતરમાળખાકીય સુવિધાઓ માટે રૂા.૨૯૧૨ કરોડ. અમૃત યોજના માટે ૫૦૦ કરોડ, સ્માર્ટ સિટી મિશન માટે ૫૯૭ કરોડ, માર્ગ મકાન વિભાગ અંર્તગત ૯૨૯૨ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે. મહેસૂલ વિભાગ માટે રૂા.૩૦૭૧ કરોડ, નવી બસ ખરીદવા રૂ.૪૧૦ કરોડ, સાયન્સ સિટી માટે ૧૧૦ કરોડ રૂપિયા, સ્વચ્છ ભારત મિશન માટે ૭૦૦ કરોડ રૂપિયા, ગ્રામીણ વિસ્તારમાં ૧ લાખ ઘર બનાવવા ૧૩૯૧ કરોડની જોગવાઈ કરેલ છે. લઘુ ઉદ્યોગ માટે રૂા.૮૪૩ કરોડ, સ્ટાર્ટઅપ ફંડની જોગવાઈ, પ્રવાસન વિકાસ માટે સરદાર પટેલ, જૈન તીર્થ, સિંધુ સંસ્કૃતિ પ્રવાસન સર્કિટના વિકાસ માટેની પણ જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત સોલા અને ગાંધીનગર હૉસ્પિટલનું વિસ્તૃતીકરણ, ૨ નવી વેટરનરી પોલીટેકનીક કૉલેજો, રીસર્ચ પાર્ક તેમજ મત્સ્યઉદ્યોગ માટે નવી જેટી નિર્માણનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

સામાજિક ક્ષેત્રમાં ૪ નવાં સમરસ છાત્રાલય, વૃદ્ધ પેન્શન અને દિવ્યાંગ માટે ૪૭૪ કરોડ, બિન અનામત વિકાસ માટે ૫૦૬ કરોડ, આદિજાતિ વિકાસ માટે ૨૨૦૦ કરોડ તથા વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ૧૩૨૭૮ કરોડ રૂપિયાની જોગવાઈ કરેલ છે.

શ્રી વાઘાણીએ રાજય સરકારની નાણાકીય શિસ્તની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે સતત વિકાસલક્ષી અંદાજપત્રો આપવા સાથે ગુજરાત સરકારની અત્યાર સુધીની સૌથી ઓછી ૧.૪૨ ટકા રાજકોષીય ખાધ રહી છે. તેમજ વેરાકીય આવકમાં ૨૦.૯૨ ટકાનો વૃદ્ધિ દર અને ઉત્પાદનમાં ૧૩ ટકાની વૃદ્ધિ થઈ છે. આમ ૧૮૩૬૬ કરોડ રૂપિયાની પુરાંત સાથેનું અંદાજપત્ર રાજયને વિકાસની નવી ઊંચાઈએ લઈ જશે.

૮૪૩ કરોડ કરવામાં આવી છે. હાલમાં મેન્યુફેક્ચરીંગ ઉપરાંત ૨૨ જેટલી સેવાકીય પ્રવૃત્તિઓ માટે પણ સહાય આપવામાં આવે છે, જે વધારીને હવે ૩૮ કરવામાં આવશે. • ધોલેરા એસ.આઇ.આર.ના વિકાસ માટે રૂ. ૨૮૦ કરોડની જોગવાઈ. • 'ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમ લિમિટેડ (GARUD)' દ્વારા વૈશ્વિક કક્ષાની હોટેલ સુવિધાઓ સહિત ગાંધીનગર રેલવે સ્ટેશનના આધુનિકીકરણ સાથે મહાત્મા મંદિરની સુવિધાઓને સાંકળવામાં આવશે, જેનાથી ઉત્પાદકો અને નિકાસકારોને વૈશ્વિક કક્ષાના સંમેલન અને પ્રદર્શનની સુવિધાઓ ઉપલબ્ધ થશે, જેના માટે રૂ. ૭૮ કરોડની જોગવાઈ. • મજબૂત રોડ નેટવર્ક અને સુવિકસિત બંદરો સાથે સુસંગત આધુનિક રેલ-વેની સુવિધાઓ ઊભી કરવા G-RIDe નિગમ માટે રૂ. ૨૬ કરોડની જોગવાઈ. • MSME એકમો માટે સ્ટાર્ટ અપ ફંડની શરૂઆત કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઈ. • ગુજરાતનું યુવાધન રીસર્ચ અને ઈનોવેશન માટે પ્રેરાય તે હેતુથી સ્ટાર્ટ અપ પોલિસી અંતર્ગત સહાય આપવા તેમજ રીસર્ચ લેબોરેટરીના સુદ્દઢીકરણ માટે કુલ રૂ. ૧૮ કરોડની જોગવાઈ.

## કુટિર અને ગ્રામોદ્યોગ

• રાજ્યમાં કુટિર અને ગ્રામોદ્યોગ દ્વારા સ્વ-રોજગારીની તકો ઊભી કરવાની વિવિધ યોજનાઓ માટે રૂ. ૪૫૦ કરોડની જોગવાઈ.

## પ્રવાસન

• મોઢેરાને સૌર ઊર્જા આધારિત આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે વિવિધ માળખાકીય સુવિધાઓનો વિકાસ કરવા રૂ. ૨૨ કરોડની જોગવાઈ. • ભારત સરકારના રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમની સહાયથી ગુજરાતમાં આંતરરાષ્ટ્રીય ફિલ્મ સમારોહનું આયોજન કરવા રૂ. ૧૦ કરોડની જોગવાઈ. • સીમાદર્શન અંતર્ગત નડાબેટ ખાતે માળખાકીય સુવિધાઓના વિકાસ માટે જોગવાઈ રૂ. ૧૦ કરોડ.

## યાત્રાધામ વિકાસ અને નાગરિક ઉડ્ડયન

ભાજપા સરકારે રાજ્યના પ્રાચીન યાત્રાધામોના પુનરુદ્ધાર, માળખાકીય સુવિધાઓના વિકાસ અને સ્વચ્છતાની જાળવણી માટે વિશેષ આયોજન કરેલ છે, જે પૈકી, • માધવપુર ઘેડ ખાતેના રૂકમણીજીના પ્રાચીન મંદિરના વિકાસ માટે જોગવાઈ રૂ. ૫ કરોડ. • ૨૦૦ વર્ષ પુરાણા પ્રાચીન યાત્રાધામોના સ્થાપત્યની જાળવણી, મજબૂતીકરણ અને આંતરમાળખાકીય સુવિધાઓ વિકસાવવા માટે જોગવાઈ રૂ. ૫ કરોડ. • યાત્રાળુઓ માટે અદ્યતન સુવિધાઓ ઊભી કરવા, ખાસ કરીને મહિલાઓ, દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકો માટે વિશેષ સુવિધાઓ વિકસાવવા માટે જોગવાઈ રૂ. ૧૧ કરોડ. • પાવાગઢ, કરનાળી તથા સરકાર હસ્તકનાં અન્ય યાત્રાધામો ખાતે માળખાકીય સુવિધાઓના વિકાસ માટે જોગવાઈ રૂ. ૨૮.૫૦ કરોડ. • મહેસાણા જિલ્લામાં તારંગા હિલ ખાતે આવેલ તારણમાતા મંદિર અને અન્ય મંદિરોના વિકાસ અને માળખાકીય સુવિધા માટે જોગવાઈ રૂ. ૫ કરોડ. • ભારત સરકારે સ્વચ્છ આઇકોનીક પ્લેસ તરીકે જાહેર કરેલ સોમનાથ મંદિર ખાતે સ્વચ્છતાની જાળવણી અને માળખાકીય સુવિધાઓના વિકાસ માટે રૂ. ૫ કરોડ જોગવાઈ. • ગુજરાતનાં ૮ મહત્ત્વનાં યાત્રાધામો ખાતે સ્વચ્છતાની કામગીરી માટે જોગવાઈ રૂ. ૧૫ કરોડ. • શિવરાત્રી કુંભ મેળો ગિરનાર, ૨૦૧૯ના આયોજન, ગિરનારના પગતિયાંના નવીનીકરણ તથા સર્વાંગી વિકાસ માટે જોગવાઈ રૂ. ૨૦ કરોડ.

નાગરિક ઉડ્ડયન પ્રભાગ દ્વારા RCS હેઠળની ઉડાન યોજના, સી-પ્લેન સેવા, નવા એરપોર્ટના વિકાસ વગેરે માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ.

## સોલાર

• પ્રદૂષણરહિત ઊર્જા પ્રાપ્ત થાય તે હેતુથી સૌર ઊર્જા સંચાલિત કૃષિ વિષયક પમ્પ સેટ આપવા માટે રૂ. ૧૨૭ કરોડની જોગવાઈ. • કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન (KUSUM) અંતર્ગત ખેડૂતોના હયાત એગ્રિકલ્ચર પંપને સોલાર પમ્પમાં ફેરવવાની કામગીરી માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ. • પ્રદૂષણ ઘટાડવાના ઉદ્દેશથી પેટ્રોલ અને ડીઝલ સંચાલિત વાહનોના સ્થાને ઈલેક્ટ્રિક વ્હીકલના વ્યાપને વધારવા માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ.

## જળસંપત્તિ અને કલ્પસર

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર પ્રભાગ માટે કુલ જોગવાઈ રૂ. ૧૪૮૯૫ કરોડ**

• ચાર ઉદ્વહન સિંચાઈ યોજનાઓ કાકરાપાર-ગોરધા-વડ, કડાણા જળાશય આધારિત પાઈપ લાઈન, કરજણ ડેમથી વાડી તેમજ દિણોદ-બોરીદ્રા માટે રૂ. ૩૭૬ કરોડની જોગવાઈ, જેનાથી સુરત, નર્મદા, ભરૂચ, દાહોદ અને મહીસાગર જિલ્લાના ૩૪,૩૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈના લાભો ઉપલબ્ધ થશે. • ઉકાઈ, કડાણા, પાનમ, કાકરાપાર અને અન્ય જળાશયોના હયાત કેનાલ નેટવર્કની સુધારણાથી ૧૮,૦૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈના લાભો ઉપલબ્ધ કરાવવા માટે રૂ.

૧૧૨ કરોડની જોગવાઈ. • નાના, મોટા ચેકડેમો તથા તળાવો ઊંડા કરી જળસંચયનો વ્યાપ વધારવા માટે રૂ. ૯૦ કરોડની જોગવાઈ. • સૌની યોજનાના બીજા તબક્કાની બાર પેકેજની કામગીરી માટે રૂ. ૧૭૬૫ કરોડની જોગવાઈ, જેનાથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં ૫૭ જળાશયોના ૩,૭૩,૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઈ સુવિધા સુદઢ થશે. • સુજલામ્ સુફલામ્ યોજના આગળ ધપાવતાં રૂ. ૧૦૭૪ કરોડનાં અંદાજિત ખર્ચવાળી પાંચ ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ પિયજથી ઉણાદ, ધાંધુસણથી રેડ લક્ષ્મીપુરા, ભાસરિયાથી સામેત્રા, કુડા-ડભોડા-ભીમપુર (વરસંગ તળાવ) અને ખેરવાથી વિસનગર માટે રૂ. ૨૨૨ કરોડની જોગવાઈ, જેનાથી મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના આશરે ૧૮,૦૦૦ હેક્ટર વિસ્તારને લાભ થશે. • બનાસકાંઠા જિલ્લા માટે અગત્યની થરાદથી સીપુ ડેમ સુધીની પાઈપલાઈન માટે તથા માતપુર-કીંડરોલથી મુક્તેશ્વર ડેમ અને કસરાથી દાંતીવાડા ડેમના સર્વેક્ષણ માટે કુલ જોગવાઈ રૂ. ૬ કરોડ. • સાબરમતી નદી પરના હીરપુરા અને વાલાસણા બેરેજ માટે રૂ. ૧૮ કરોડની જોગવાઈ. • કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના એક મિલિયન એકર ફીટ પાણી પહોંચાડવા માટે રૂ. ૧૫.૫૦ કરોડની જોગવાઈ. • ટપક સિંચાઈ અંતર્ગત સિંચાઈ વ્યવસ્થાને સુદઢ કરવા જોગવાઈ રૂ. ૭૫૦ કરોડ. • કલ્પસર યોજના : દરિયાઈ ભરતી દરમિયાન નર્મદા નદીના પટમાં પાણી પ્રવેશે છે અને ભૂગર્ભજળમાં તેમજ જમીનમાં ખારાશ વધે છે, જેને અટકાવવા માટે ભાડભૂત યોજના અંતર્ગત રૂ. ૧૧૦ કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે. નર્મદા નદી ઉપર બેરેજ અને છ-માર્ગીય બ્રિજ થવાથી હજીરા-સુરત-ઓલપાડ-હાંસોટ-દહેજના માર્ગનો વિકાસ થશે અને અંતરમાં ૩૫ કિલોમીટરનો ઘટાડો થશે.

## સરદાર સરોવર યોજના

ગુજરાતની જીવાદોરી અને રાજ્યના ગૌરવ સમાન સરદાર સરોવર યોજનાના ૧૨૧૦ મીટર લંબાઈ તથા ૧૬૩ મીટર ઊંચાઈ ધરાવતા ક્રોંક્રિટ ગ્રેવિટી ડેમના સ્પીલ-વે ઉપર ૩૦ રેડીયલ ગેટનું બાંધકામ પૂર્ણ થયેલ છે, જે આપણા સૌ માટે ગૌરવની વાત છે. તા. ૧૭-૯-૨૦૧૭ના રોજ માન. પ્રધાનમંત્રીશ્રીના વરદહસ્તે ડેમનું રાષ્ટ્રને લોકાર્પણ થવાની સાથે ગુજરાતની સમૃદ્ધિનાં દ્વાર ખૂલ્યાં છે.

• માનોર સુધીની નહેરોના બાંધકામ માટે કુલ રૂ. ૪૦૧૮ કરોડનું આયોજન.• સહભાગી સિંચાઈ યોજના અન્વયે ખેડૂતોની જમીન સંપાદન કર્યા વિના ૨.૭૧ લાખ હેક્ટર સિંચાઈનો લાભ મળે તે માટે ભૂગર્ભ પાઈપલાઈનનાં કામો માટે કુલ રૂ. ૧૨૯૫ કરોડનું આયોજન. • ગરુડેશ્વર વિયર, ગોરા બ્રિજના બાંધકામ તથા પાવર હાઉસની જાળવણી માટે કુલ રૂ. ૪૯૩ કરોડનું આયોજન. • નર્મદા મુખ્ય શહેરને પૂરના પાણીથી બચાવવા માટે વધારાના સ્ટ્રક્ચરના બાંધકામ તેમજ કેનાલ ઓટોમેશનની કામગીરી માટે કુલ રૂ. ૪૮૮ કરોડનું આયોજન. • સૌરાષ્ટ્ર શાખા નહેરના પાંચ પમ્પીંગ સ્ટેશનના વિસ્તરણની કામગીરી માટે કુલ રૂ. ૧૭૪ કરોડનું આયોજન. • કચ્છ શાખા નહેરના ત્રણ પમ્પીંગ સ્ટેશનના વિસ્તરણની કામગીરી માટે કુલ રૂ. ૪૯૫ કરોડનું આયોજન. • ગુજરાતના પનોતા પુત્ર અને લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના નિર્માણ માટે કુલ રૂ. ૮૯૯ કરોડનું આયોજન.

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ

**શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૧૨,૫૦૦ કરોડ**

મોટાં શહેરોમાં ટ્રાફિકની સમસ્યા હળવી બને, પર્યાવરણમાં સુધારો થાય, પરિવહન ઝડપી બને તેમજ ઈંધણની બચત થાય તે હેતુસર ઓવરબ્રિજ-અન્ડરબ્રિજનાં કામો શરૂ કરવામાં આવશે. સુએઝ વોટર ટ્રીટમેન્ટ અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનું ઉત્તમ વ્યવસ્થાપન કરવામાં આવશે. તેમજ ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને રહેવા માટે ઘરનું ઘર મળે તે માટેનાં આયોજનો પર અમારી સરકારે ખાસ ભાર મૂકેલ છે.

શહેરી વિસ્તારોમાં જાહેર માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા માટે સ્વર્ણજયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના પ્રમુખ યોજના છે. આ યોજના હેઠળ રૂ. ૪૫૪૦ કરોડની જોગવાઈ. જે પૈકી...

• ભૌતિક અને સામાજિક આંતર માળખાકીય સુવિધાનાં કામો, જનભાગીદારી, શહેરી પરિવહન અને આગવી ઓળખનાં કામો માટે રૂ. ૨૯૧૨ કરોડની જોગવાઈ. • પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર યોજના માટે રૂ. ૧૨૬૪ કરોડની જોગવાઈ.

શહેરી આંતરમાળખાકીય સુવિધાઓ માટે નિયત જોગવાઈઓ પૈકી, • **અમદાવાદ શહેરમાં,** - પીરાણા ડમ્પીંગ સાઈટના બાયોમાઈનીંગ પ્રોજેક્ટ માટે રૂ. ૧૦૦ કરોડની જોગવાઈ. - પલ્લવ ચાર રસ્તા સ્પ્લીટ ફ્લાય ઓવર બ્રિજ માટે રૂ. ૬૫ કરોડની જોગવાઈ. - ગાંધીગ્રામ રેલવે અન્ડરપાસ (નહેરૂ બ્રિજથી નગરી હૉસ્પિટલ તરફ) માટે રૂ. ૨૫ કરોડની જોગવાઈ. - સંસ્કાર કેન્દ્ર મ્યુઝિયમનું નવીનીકરણ અને વર્લ્ડ હેરીટેજ સિટી મ્યુઝિયમ બનાવવા માટે રૂ. ૨૦ કરોડની

જોગવાઈ. • **સુરત શહેરમાં,** - સહારા દરવાજાથી કરણીમાતા ચોક ફ્લાય ઓવર માટે રૂ. ૮૦ કરોડની જોગવાઈ. - ઉધનાથી સિદ્ધાર્થનગર રેલ્વે ઓવરબ્રિજ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ. - તાપી નદી ઉપર વેડ અને વરીયાવને જોડતા પુલ માટે રૂ. ૫૦ કરોડની જોગવાઈ. • **વડોદરા શહેરમાં,** - સુએન જંકશન ઉપર નવીન ફ્લાયઓવર બ્રિજ માટે રૂ. ૩૬ કરોડની જોગવાઈ. - વિશ્વામિત્રી નદી પર આવેલ હયાત કાલાઘોડા બ્રિજ પહોળો કરવા માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ. - વોક ઇન એવીયરી (પક્ષી સંગ્રહસ્થાન) બનાવવા માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ. • **રાજકોટ શહેરમાં,** હોસ્પિટલ ચોક ફ્લાય ઓવરબ્રિજ માટે રૂ. ૪૦ કરોડની જોગવાઈ. - રાંદરડા લાલપરી લેક ડેવલપમેન્ટ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ. - રૈયા રોડ રેલવે અન્ડરપાસ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ. • **ભાવનગર શહેરમાં,** - નારી સર્કલ ફ્લાય ઓવર/રોડ બનાવવા માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ. - પશ્ચિમ ભાવનગર વિસ્તારમાં ભૂગર્ભ ગટર યોજના માટે રૂ. ૮ કરોડની જોગવાઈ. - કુંભારવાડા જવાહર કોલોની પાસે રેલવે અન્ડરબ્રિજ માટે રૂ. ૭ કરોડની જોગવાઈ. • **જામનગર શહેરમાં,** - જામનગર શહેરમાં નવા સમાવિષ્ટ થયેલ વિસ્તારો માટે પાણીની પાઈપલાઈન માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ. - દિગ્જામ સર્કલથી એરફોર્સ તરફ જતા રસ્તા ઉપર ફ્લાય ઓવર માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ. • **જૂનાગઢ શહેરમાં,** - જોશીપુરા રેલવે ક્રોસીંગ ખાતે રેલવે ઓવરબ્રિજ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ. - નરસિંહ મહેતા તળાવ ખાતે એસ.ટી.પી.ના કામ માટે રૂ. ૭ કરોડની જોગવાઈ.

શહેરી વિસ્તારોમાં જાહેર પરિવહન, સુવિધા સુદૃઢ કરવાની નવતર પહેલના ભાગરૂપે ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન અને 'અ' વર્ગની ૨૨ નગરપાલિકાઓમાં ૨૮૬૪ બસો વાર્ષિક પ્રતિ કિલોમીટરના દરના ધોરણે કોન્ટ્રાક્ટ પદ્ધતિથી શરૂ કરવામાં આવશે, જેના માટે રૂ. ૨૯૦ કરોડની જોગવાઈ.

પાણી પુરવઠા અને ભૂગર્ભ ગટર પરિયોજના અંતર્ગત શહેરો ગ્રીન, ક્લીન અને એન્વાયરમેન્ટ ફ્રેન્ડલી બને, લોકોને આરોગ્યપ્રદ વાતાવરણ મળે અને સ્વચ્છતા જળવાય તે હેતુસર ભૂગર્ભ ગટરના પાણી રીસાયકલ કરી તેનો ઉપયોગ ઉદ્યોગો, કારખાનાં, બાગબગીચા તેમજ બાંધકામ ક્ષેત્રે થઈ શકે તે માટે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત કરવા સ્વર્ણિમ યોજના હેઠળ,

• ૭ શહેરોમાં ભૂગર્ભ ગટર યોજનાના તેમજ ૧૨૦ શહેરોમાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટનાં નવાં કામો શરૂ કરવાનું આયોજન છે. • સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટને ચલાવવા માટે ૧૦૫ નગરપાલિકાઓને મરામત અને નિભાવણી સહાય આપવા રૂ. ૭૧ કરોડની જોગવાઈ.

આ ઉપરાંત, • અમદાવાદ શહેરની ટ્રાફિક સમસ્યા હળવી બનાવવા અને ટ્રાન્સપોર્ટની સુવિધા વધુ કાર્યક્ષમ બનાવવા મેટ્રો ટ્રેન પ્રોજેક્ટ માટે રૂ. ૫૯૨ કરોડની માતબર રકમની ફાળવણી. • રાજ્યનાં કુલ છ શહેરો માટે સ્માર્ટ સિટી મિશન અંતર્ગત રૂ. ૫૯૭ કરોડની જોગવાઈ. • શહેરી ગરીબોને વાજબી કિંમતે પોતાનું આવાસ મળે તેવા ઉમદા હેતુથી શહેરી આવાસ યોજના હેઠળ રૂ. ૧૧૮૯ કરોડની જોગવાઈ. • અમૃત યોજના અંતર્ગત ૮ કોર્પોરેશન અને ૨૨ નગરપાલિકાઓ માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ. • સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શહેરોને વધુ સ્વચ્છ બનાવવા અને નાગરિકોને આરોગ્યપ્રદ વાતાવરણ પૂરું પાડવા રૂ. ૨૫૫ કરોડની જોગવાઈ. • સુરતમાં ડાયમંડ ડ્રીમ સિટી પ્રોજેક્ટ માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ. • પ્રજાના પ્રતિનિધિ તેમજ નાગરિકોના પ્રશ્નોનું નિરાકરણ એક જ સ્થળેથી થાય અને વહીવટી સરળતા માટે ગાંધીનગર ખાતે 'અર્બન ભવન' બાંધવા રૂ. ૨ કરોડની જોગવાઈ.

## માર્ગ અને મકાન

### માર્ગ અને મકાન વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૯૨૫૨ કરોડ

• રસ્તાઓની આંતરમાળખાકીય સુવિધાઓને વધુ સુદૃઢ અને સંગીન બનાવવા માટે રસ્તા અને પુલો બનાવવા રૂ. ૧૩૪૬ કરોડની જોગવાઈ, જેના થકી - ૯૯ રસ્તાનું ૧૨૦૧ કિલોમીટરનું માર્ગીકરણનું કામ પ્રગતિમાં છે, જેમાં - વિરમગામ-સીતાપુરા-બેચરાજી, સાહોલ-કીમ, રાજકોટ-મોરબી, લીંગડા-ભાલેજ-આણંદ, નડિયાદ-ડાકોર-પાલી, પાલનપુર-અંબાજી, દાંતા-અંબાજી, તિલકવાડા-ગરૂડેશ્વર-કેવડિયા કોલોની, અંકલેશ્વર-ઝગડિયા-રાજપીપળા, વેસ્મા-મરોલી-ઉભરાટ નોંધપાત્ર છે.

• રાજ્યમાં પ્રગતિ હેઠળનાં ૪૯ પુલો તથા હવે હાથ ધરાનાર કુલ ૪૩ પુલો પૈકી, - નર્મદા નદી પર ગોલ્ડન બ્રિજની બાજુમાં ચાર માર્ગીય પુલ - અંકા નદી પર વાઘરેચ ગામ પાસે પુલ - કોસ્ટ હાઈવે નં. ૬ પર પાર નદી પર પુલ - અમરેલી-લીલીયા-ક્રાંકચ રસ્તા પર ગાગડિયો નદી પર પુલ - બોટાદ પાસે ઘેલો નદી પર પુલનાં કામો આગળ ધપાવવામાં આવશે.

• ૯૯૩ કિલોમીટર રાજ્ય ધોરીમાર્ગોને દ્વિ-માર્ગીય કરવા માટે રૂ. ૨૫૦ કરોડની જોગવાઈ, જેમાં મુખ્યત્વે - બાવળા-ઝાંપ-નળસરોવર, પણસોરા-અલીણા-લાડવેલ, રાપર-ફતેગઢ-આડેસર, સરૈયા-બંદારપાડા-ટેમ્કા, ગોંડલ-મોવીયા-શ્રીનાથગઢ-વાસાવડ, બગસરા-ચલાલા-સાવરકુંડલા, મેંદરડા-લુસાડા-ખોખરડા વગેરેનો સમાવેશ થાય છે.

• પ્રગતિપથના રાજ્યવ્યાપી કોરીડોરને ચાર માર્ગીય કરવા માટે પ્રથમ તબક્કાનાં કામો પૈકી રૂ. ૧૮૩ કરોડની જોગવાઈ, આગામી ત્રણ વર્ષના સમયગાળામાં પ્રગતિપથની રાજ્ય હસ્તકની સમગ્ર લંબાઈ ચાર માર્ગીય કરવાનું અમારી સરકારનું આયોજન છે, જે પૈકી અગત્યના અનુભાગોમાં - ખેડા-બગોદરા-ધોળકા, સિદ્ધપુર-ખેરાલુ, સાયલા-સુદામડા-પાળિયાદ, સાયલા-મૂળી-સુરેન્દ્રનગર, કુરંગા-ખંભાળિયા-જામનગરનો સમાવેશ થાય છે.

આ ઉપરાંત, પ્રગતિપથ ઉપરના મોટા પુલો પૈકી - ખેડા-ધોળકા રોડ પર સાબરમતી તથા ખારી નદી ઉપર પુલોના બાંધકામ માટે રૂ. ૩૪ કરોડની જોગવાઈ, - સાયલા-સુદામડા-પાળિયાદ રસ્તા ઉપર સાયલા ગામ પાસે ભોગાવો નદી ઉપર પુલના બાંધકામ માટે રૂ. ૭ કરોડની જોગવાઈ.

• અમદાવાદ-બગોદરા-રાજકોટ રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮-એ અને ૮-બીના ૨૦૧ કિલોમીટર લંબાઈના રસ્તાને છ-માર્ગીય કરવાની કામગીરી માટે અંદાજિત રૂ. ૨૭૫૪ કરોડનો ખર્ચ. • વિશ્વ બેંક સહાયિત ગુજરાત રાજ્ય માર્ગ યોજના-૨ અંતર્ગત હાથ ધરવાનાં કામો માટે રૂ. ૨૫૦ કરોડની જોગવાઈ. • કિસાનપથ યોજના માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ. • નવરચિત તાલુકા મથકોએથી પસાર થતા રાજ્યમાર્ગોને વિકાસપથ તરીકે વિકસાવવા માટે રૂ. ૪૦ કરોડની જોગવાઈ. • ગાંધીનગર ખાતે રાજ્યકક્ષાની બંધારણીય કચેરીઓ (કર્મયોગી ભવન) માટે બે નવા બ્લોકના બાંધકામ માટે રૂ. ૪૨ કરોડની જોગવાઈ. • ગાંધીનગર ખાતે રેલવે સ્ટેશન પાસે નિર્માણ પામી રહેલ સંકુલને જોડતા રસ્તા પર રેલવે ટ્રેક નીચે અન્ડર બ્રિજના બાંધકામ માટે રૂ. ૧૫ કરોડની જોગવાઈ. • સોમનાથ, દ્વારકા, અંબાજી, સુરત, માલપુર, સંખેડા અને સંતરામપુર સહિત અન્ય જિલ્લા તાલુકા મથકોએ અતિથિગૃહ, વિશ્રામગૃહનાં કામો માટે રૂ. ૫૧ કરોડની જોગવાઈ.

## ગૃહ

**ગૃહવિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૫૪૨૦ કરોડ**

• રાજ્ય શહેરી વિસ્તારોમાં વધતાં જતાં વાહનોની સંખ્યા ધ્યાને લઈ યોગ્ય ટ્રાફિક વ્યવસ્થાપન કરવા અમારી સરકાર કટિબદ્ધ છે, જે માટે રૂ. ૨૦૦ કરોડની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે, જે પૈકી - પોલીસ દળમાં આગામી વર્ષમાં ૫૬૩૫ જેટલી જગ્યાઓ સીધી ભરતીથી ભરવાનું આયોજન કરેલ છે. તેમાં ૧,૫૦૦ જગ્યાઓ ટ્રાફિકના હેતુસર ફાળવવામાં આવશે. - ટ્રાફિક બ્રિગેડમાં ૪૦૦૦ સ્વયંસેવકોનો વધારો કરવામાં આવશે, તેમાં ૩૩% મહિલાઓનો સમાવેશ કરવામાં આવશે. જેથી સ્વયંસેવકોની સંખ્યા ૬૦૦૦થી વધીને ૧૦,૦૦૦ થશે. - ટ્રાફિક બ્રિગેડના સ્વયંસવકોને હાલ રૂ. ૨૦૦ લેખે દૈનિક માનદ વેતન આપવામાં આવે છે તે વધારીને રૂ. ૩૦૦ કરવામાં આવશે. - આઠ મોટાં શહેરોમાં ટ્રાફિક સમસ્યાને પહોંચી વળવા અને ગેરકાયદેસર પાર્કીંગની સમસ્યા નિવારવા જુદી જુદી સાધનસામગ્રી ખરીદવામાં આવશે. • પોલીસ ખાતાના રહેણાકનાં અને બિન રહેણાકનાં મકાનોનાં બાંધકામ માટે રૂ. ૩૬૦ કરોડની જોગવાઈ. • સેઈફ એન્ડ સિક્યોર ગુજરાત યોજના હેઠળ રાજ્યના જિલ્લાઓના મુખ્ય મથકો તેમજ શહેરો ખાતે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા રૂ. ૧૨૦ કરોડની જોગવાઈ. • અમદાવાદ મધ્યસ્થ જેલ, હિંમતનગર જિલ્લા જેલ તથા મહેસાણા જિલ્લા જેલના બાંધકામ સહિત અન્ય જેલોના બાંધકામનાં કામો માટે કુલ જોગવાઈ રૂ. ૯૭ કરોડ. • પોલીસ આધુનિકીકરણ યોજના હેઠલ પોલીસ તંત્ર તથા ફોરેન્સિક સાયન્સ તંત્રને સુદઢ કરવા સાધનસામગ્રી, વાહનો અને બાંધકામ માટે કુલ જોગવાઈ રૂ. ૬૭ કરોડ. • સુરત, વડોદરા, રાજકોટ અને મહેસાણા ખાતે નવા ચાર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનો શરૂ કરવા માટે કુલ જોગવાઈ રૂ. ૧ કરોડ. • સુરત એરપોર્ટ ખાતે ઈન્ટરનેશનલ સેવાઓના ભાગરૂપે ઈમીગ્રેશનની કામગીરી શરૂ કરવા જોગવાઈ રૂ. ૧.૧૧ કરોડ. • રક્ષાશક્તિ યુનિવર્સિટીના વિકાસ માટે રૂ. ૪૬ કરોડની જોગવાઈ. • સરહદી વિસ્તારના ત્રણ જિલ્લાઓ માટે જોગવાઈ રૂ. ૫૦ કરોડ.

## સામાજિક ન્યાય અને અધિકારિતા

**સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૩૬૪૧ કરોડ**

**ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ** • રાજ્યના બિન અનામત વર્ગો જેવા કે, પાટીદાર, બ્રાહ્મણ, ક્ષત્રિય, વણિક, લોહાણા, સોની, ખમાર, મહેશ્વરી વગેરે અંદાજે ૫૮ જેટલી જ્ઞાતિઓના શૈક્ષણિક તથા આર્થિક રીતે નબળા કુટુંબોના સર્વાંગી ઉત્કર્ષ માટે ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમની રચના કરવામાં આવેલ છે, જેના માટે રૂ. ૫૦૬ કરોડની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે. • નવરચિત બિન-અનામત આયોગ માટે જોગવાઈ રૂ. ૧.૨૮ કરોડ.

## આદિજાતિ વિકાસ

**આદિજાતિ વિકાસ વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૨૨૦૦ કરોડ**

અમારી સરકારે આદિવાસી ભાઈ-બહેનોની ક્ષમતામાં

વધારો કરવા માટે પેસા એક્ટનું અમલીકરણ, આદિવાસી વિસ્તારોમાં મેડિકલ કૉલેજ, બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટી, સૈનિક શાળાની સ્થાપના, પાણી પુરવઠાની યોજનાઓ વગેરે અમલમાં મૂકેલ છે. • વનબંધુ કલ્યાણ યોજના હેઠળ રૂ. ૧૩,૨૭૮ કરોડની જોગવાઈ. • ૪૫ આદર્શ નિવાસી શાળાઓ, ૫૫૪ આશ્રમશાળાઓ અને ૯૧ ઈ.એમ.આર.એસ. મળી કુલ ૬૯૧ જેટલી શાળાઓના આશરે ૧,૨૫,૯૦૦ વિદ્યાર્થીઓ માટે રૂ. ૫૦૮ કરોડની જોગવાઈ. • સરકારી કુમાર-કન્યા છાત્રાલયો, સમરસ છાત્રાલયો અને ગ્રાન્ટ ઈન એઈડ એમ કુલ ૧૧૪૭ છાત્રાલયોના ૬૬,૦૯૮ વિદ્યાર્થીઓ માટે રૂ. ૧૭૧ કરોડની જોગવાઈ. • અનુસૂચિત જનજાતિના પ્રિ-મેટ્રિકના ૧૫ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ આપવા માટે રૂ. ૧૪૨ કરોડની જોગવાઈ. • અનુસૂચિત જનજાતિની ધોરણ ૯માં અભ્યાસ કરતી અંદાજે ૪૫,૦૦૦ કન્યાઓને વિદ્યાસાધના યોજના હેઠળ સાયકલ આપવા રૂ. ૧૬ કરોડની જોગવાઈ. • અદ્યતન સુવિધાવાળાં સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના ૩૧૫૦ વિદ્યાર્થીઓ માટે રૂ. ૨૧ કરોડની જોગવાઈ. • નર્મદા જિલ્લાના સારબારા અને ડેડિયાપાડા, ડાંગ જિલ્લાના સુબિર, બોરખતલા, વલસાડ જિલ્લાના કપરાડા અને સુરત જિલ્લાના બારડોલી ખાતે કુમાર અને કન્યા છાત્રાલયોના મકાનના બાંધકામ માટે કુલ રૂ. ૧૦ કરોડની જોગવાઈ. • સ્વૈચ્છિક સંસ્થાઓ સંચાલિત ૩૦ નવા ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયો માટે રૂ. ૩ કરોડની જોગવાઈ. • નર્મદા જિલ્લાના સાગબારા, સુરત જિલ્લાના માંડવી, વડોદરા જિલ્લાના વાઘોડીયા, સાબરકાંઠા જિલ્લાના પોશીના, ભરૂચ જિલ્લાના વાઘલખોડ તથા છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે ૬ નવી એકલવ્ય મોડેલ રેસીડેન્સિયલ શાળાના બાંધકામ માટે રૂ. ૧૨ કરોડની જોગવાઈ. • અરવલ્લી જિલ્લાના મેઘરજ અને સુરત જિલ્લાના માંગરોળ અને જંખલા, નવસારી જિલ્લાના ખેરગામ તથા ગાંધીનગર શહેરમાં અંગ્રેજી માધ્યમની એક એમ કુલ ૫ નવી આદર્શ નિવાસી શાળાઓ માટે રૂ. ૨ કરોડની જોગવાઈ. • સુરત જિલ્લાના બારડોલી ખાતેની આદર્શ નિવાસી શાળાના નવા મકાનના બાંધકામ માટે અંદાજિત ખર્ચ રૂ. ૨૪.૪૧ કરોડ, જે માટે રૂ. ૮ કરોડની જોગવાઈ. • દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે મોડેલ શાળા તથા તેની હોસ્ટેલના તેમજ છોટાઉદેપુર જિલ્લાના પાવી તેજપુર ખાતે મોડેલ શાળાની હોસ્ટેલના બાંધકામ માટે અંદાજિત ખર્ચ રૂ. ૧૯.૯૬ કરોડ, જે માટે રૂ. ૬ કરોડની જોગવાઈ. • અનુસૂચિત જનજાતિની ૧૫૦૦ જેટલી કન્યાઓને શિક્ષણના લાભ માટે ૨૫ કન્યા સાક્ષરતા નિવાસી શાળાઓમાં ધો. ૧૨ના તમામ પ્રવાહના વર્ગો શરૂ કરવા માટે રૂ. ૯ કરોડની જોગવાઈ. • છોટા ઉદેપુર જિલ્લાના તણખલા, સાબરકાંઠા જિલ્લાના પોશીના તેમજ વલસાડ જિલ્લાના ધરમપુર ખાતે ૩ નવી કન્યા સાક્ષરતા નિવાસી શાળાના બાંધકામ માટે અંદાજિત ખર્ચ રૂ. ૩૦.૯૦ કરોડ, જે માટે રૂ. ૧૦ કરોડની જોગવાઈ. • નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટી કાર્યાન્વિત કરવા માટે રૂ. ૨૨ કરોડની જોગવાઈ. • બિન આદિજાતિ વિસ્તારનાં છાત્રાલયો માટે ૨૫૦ છાત્રો તેમજ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળનાં છાત્રાલયો માટે ૭૫૦ છાત્રો એમ કુલ મળીને હાલની માન્ય સંખ્યામાં ૧૦૦૦ છાત્રોનો વધારો કરવા માટે રૂ. ૧.૫૦ કરોડની જોગવાઈ. • ટી.બી., કેન્સર, રક્તપિત્ત અને સીકલસેલ એનીમિઆ જેવા રોગો માટે મફત તબીબી સહાય યોજના હેઠળ રૂ. ૧૫ કરોડની જોગવાઈ. • હળપતિઓ અને આદિમજૂથોને છ પાયાની સુવિધા આપવા માટે રૂ. ૫૧ કરોડની જોગવાઈ. • ૧૦ જુદાં જુદાં સ્થળોએ હાટબજાર શરૂ કરવા માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ. • આદિજાતિ વિસ્તારની આદિજાતિ બહેનો માટે ડેરી વિકાસ યોજના હેઠળ રૂ. ૧૫ કરોડની જોગવાઈ. • ફાયનાન્સિયલ ઈન્કલુઝન પ્રોજેક્ટ હેઠળ અંતરિયાળ વિસ્તારના લોકોને બેંકની વિવિધ સુવિધા સાથે એ.ટી.એમ. મશીનની સુવિધાનો લાભ આપવાના હેતુથી રાજ્યના ૮ જિલ્લા અને ૧૨ બ્લોક આવરી લેવા માટે રૂ. ૫ કરોડની જોગવાઈ. • કૃષિ વૈવિધ્યીકરણ યોજના હેઠળ આદિજાતિના ખેડૂતો વધુ આવક મેળવતા થાય તે માટે સુધારેલ બિયારણ, ખાતર અને આધુનિક ખેતીની તાલીમ આપવા માટે રૂ. ૫ કરોડની જોગવાઈ. • આદિજાતિ તેમજ હળપતિ જાતિના લોકોના આવાસો માટે રૂ. ૩૬ કરોડની જોગવાઈ. • નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે સ્વતંત્રતાની રાષ્ટ્રીય ચળવળમાં મહત્ત્વનો ભાગ ભજવનાર આદિવાસી નેતાઓના યોગદાન અને આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતું રાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય સ્થાપવા રૂ. ૭ કરોડની જોગવાઈ.

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૧૧૦૨ કરોડ**

## પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૭૨૩૯ કરોડ**

• ગ્રામ્ય વિસ્તારો માટેની રૂર્બન યોજના અંતર્ગત પાણી પુરવઠાની યોજનાઓ, ભૂગર્ભ ગટર અને રોડ મરામતનાં કામો

માટે કુલ જોગવાઈ રૂ. ૧૦૦ કરોડ. **ગ્રામવિકાસ માટે કુલ જોગવાઈ રૂ. ૩૨૧૬ કરોડ.** • સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ અંતર્ગત ૫૦૦૦ ગ્રામ પંચાયતમાં ઘન અને પ્રવાહી કચરાના વ્યવસ્થાપન, સ્વચ્છતાની જાળવણી, વગેરે માટે રૂ. ૭૦૦ કરોડની જોગવાઈ. • ગ્રામીણ વિસ્તારમાં ૧,૦૦,૦૦૦ કુટુંબોને ઘર બનાવવા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના-ગ્રામીણ અંતર્ગત રૂ. ૧૩૯૧ કરોડની જોગવાઈ. • પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિયત સમયમર્યાદામાં મકાન બાંધકામ પૂર્ણ કરનાર લાભાર્થીઓને પ્રોત્સાહક સહાય અને બેંક લોનમાં વ્યાજ સબસીડી આપવા માટે કુલ જોગવાઈ રૂ. ૨૦ કરોડ. • મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજના હેઠળ રૂ. ૩૯૦ કરોડની જોગવાઈ. • પાણીની સંગ્રહશક્તિમાં વધારો કરી શકાય તે માટે વોટર હાર્વેસ્ટીંગ સ્ટ્રક્ચર, ચેકડેમ તેમજ જમીન અને ભેજ સંરક્ષણનાં ૧૨,૦૦૦ કામો માટે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના હેઠળ રૂ. ૨૫૦ કરોડનું આયોજન. • ગ્રામીણ વિસ્તારનાં બહેનો સરળતાથી આજીવિકા મેળવી શકે તે માટે નવા ૧૮૦૦ સ્વ-સહાય જૂથોની રચના તેમજ ૧૫,૦૦૦ યુવાઓને સ્વરોજગાર માટે તાલીમ આપવા રૂ. ૧૩૬ કરોડની જોગવાઈ.

## વન અને પર્યાવરણ

**વન અને પર્યાવરણ વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૧૨૮૭ કરોડ**

## ક્લાઇમેટ ચેન્જ

• રહેણાક અને સરકારી મકાનો ખાતે સૌર પેનલો બેસાડવા તથા સરકારી નિવાસી શાળાઓ તથા છાત્રાલયોમાં સોલર વોટર હીટીંગ સિસ્ટમ બેસાડવા માટે જોગવાઈ રૂ. ૯૦ કરોડ. • રાજ્યની ૨૦૦૦ સરકારી શાળાઓમાં ૪૦,૦૦૦ એલ.ઈ.ડી. ટ્યુબલાઇટ તથા ૨૦,૦૦૦ સ્ટાર ઊર્જા કાર્યક્ષમ પંખાઓ નાંખવામાં આવશે, જેના માટે જોગવાઈ રૂ. ૪ કરોડ. • ૩૦૦૦ વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત વાહનો માટે સહાય આપવા જોગવાઈ રૂ. ૩ કરોડ. • ઈ-રિક્ષા માટે ૧૨૫૦ લાભાર્થીઓને સહાય આપવા માટે જોગવાઈ રૂ. ૨.૫૦ કરોડ. • પંચાયતોમાં ઊર્જા બચતના હેતુથી પ્રથમ વખત પાણીના પમ્પોનું ઊર્જા ઓડિટ કરવામાં આવશે.

## બંદરો અને વાહનવ્યવહાર

**બંદરો અને વાહનવ્યવહાર વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૧૪૩૧ કરોડ**

• જાપાન ઈન્ટરનેશનલ કો-ઓપરેશન એજન્સી દ્વારા અલંગ શીપ રીસાઇકલીંગ યાર્ડનું આધુનિકીકરણ કરી આંતરરાષ્ટ્રીય પર્યાવરણ નિયમો સાથે સુસંગત માળખાની રચના કરવા માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ, જેનાથી વિશ્વના ખૂણે ખૂણેથી જહાજો અલંગ રીસાઇકલીંગ યાર્ડ ખાતે રીસાઇકલીંગ માટે આવશે અને રોજગારીમાં પણ વધારો થશે. **ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ.** • વધુ બસ, સારી બસ અને સારી સેવાના અભિગમ સાથે રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં પરિવહનની સેવા વધુ સુદ્રઢ અને મજબૂત બનાવવા ૧૬૪૦ નવી બસો સંચાલનમાં મૂકવા માટે રૂ. ૪૧૦ કરોડની જોગવાઈ. • ડેપો અને બસ સ્ટેશનો ખાતે મુસાફરો માટેની સુવિધાઓ ઊભી કરવા સાથે નવીનીકરણ માટે કુલ જોગવાઈ રૂ. ૧૦૦ કરોડ. • માહિતી અન સંદેશા વ્યવહાર ટેકનોલોજીના સહયોગ દ્વારા અદ્યતન અને સુવિધાસભર બનાવવા માટે રૂ. ૩૦ કરોડની જોગવાઈ.

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

**રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૫૮૧ કરોડ**

• ખેલ મહાકુંભના આયોજન માટે રૂ. ૭૬ કરોડની જોગવાઈ, જે પૈકી દિવ્યાંગ ખેલાડીઓ માટે પણ વિશેષ મહાકુંભનું આયોજન કરવામાં આવશે, જેના માટે રૂ. ૮ કરોડની જોગવાઈ. • સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે વિવિધ રમતોનાં મેદાનો અને માળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે રૂ. ૭ કરોડની જોગવાઈ.

## મહેસૂલ

**મહેસૂલ વિભાગ હેઠળ કુલ જોગવાઈ રૂ. ૩૦૭૧ કરોડ**

• રેવન્યૂ રેકર્ડ ઓન-લાઇન કરવાના ભાગરૂપે ગામ નમૂના નંબર ૬ની જૂની નોંધો સ્કેન કરવામાં આવેલ છે. આ યોજનાના ભાગરૂપે ગામ નમૂના નંબર ૭/૧૨ની જૂની નોંધોના રજિસ્ટર સ્કેન કરીને ઓન-લાઇન ઉપલબ્ધ થાય તે માટે જોગવાઈ રૂ. ૧૦ કરોડ. • રાજ્યના મિલકતધારકોને મિલકત અને જમીન ધારણ કરવા અંગેના હક્કો સુનિશ્ચિત કરવા માટે 'કન્કલુઝીવ લેન્ડ ટાઇટલીંગ' આપવા માટે ગુજરાત લેન્ડ રેવન્યુ કોડની વિવિધ જોગવાઈઓના સંદર્ભમાં પાઇલોટ પ્રોજેક્ટ હાથ ધરવા રૂ. ૨ કરોડની જોગવાઈ. • ગુજરાત મહેસૂલ પંચ, અમદાવાદ ખાતે પડતર કેસોનો ઝડપી નિકાલ થાય તે માટે હાલની મેન્યુઅલ કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમની જગ્યાએ કોમ્પ્યુટરાઈઝ ઓનલાઇન કોર્ટ કેસ મેનેજમેન્ટ સિસ્ટમ અપનાવવાનું આયોજન છે.

## જનસંઘની સ્થાપનાથી લઈને આજ સુધી પાર્ટી કાર્યકરોનું પોતાના કેન્દ્રીય કાર્યાલયનું સ્વપ્ન સાકાર થયું



# કાર્યકર્તાઓ માટે નવા કેન્દ્રીય કાર્યાલયનું નિર્માણ પંડિત દીનદયાળજીની જન્મશતાબ્દીના વર્ષમાં જ સંપન્ન થયું - શ્રી અમિતભાઈ શાહ

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે નવી દિલ્હીમાં ભાજપાના નવનિર્મિત કેન્દ્રીય કાર્યાલય (૬એ, દીનદયાલ ઉપાધ્યાય માર્ગ)નું ઉદ્‌ઘાટન કર્યું અને કાર્યકરો સમક્ષ પાર્ટીની તાકાતની વાત કરતાં કહ્યું કે આ નવું કેન્દ્રીય કાર્યાલય કરોડો કાર્યકરોના સહયોગથી, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની 'ન્યૂ ઇન્ડિયા'ની પરિકલ્પનાને સાકાર કરવામાં સફળ થશે એવો મને વિશ્વાસ છે.

ભાજપા અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે કહ્યું કે આજનો દિવસ જનતા પાર્ટી માટે ઘણો શુભ અને મહત્ત્વપૂર્ણ છે, કેમ કે જનસંઘની સ્થાપનાથી લઈને આજ સુધી પાર્ટી કાર્યકરોનું પોતાના કાર્યલયનું સ્વપ્ન આજે સાકાર થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે ભાજપાના નવા કેન્દ્રીય કાર્યાલય ભવનનું ભૂમિપૂજન ૨૦૧૬માં રક્ષાબંધનને દિવસે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના કરકમળો દ્વારા થયું હતું અને આજે તેમના જ કરકમળો દ્વારા કાર્યાલયનું ઉદ્‌ઘાટન પણ થઈ રહ્યું છે, જે મારા માટે ઘણા હર્ષની વાત છે. તેમણે કહ્યું કે અનેક કાર્યકરોએ આના માટે અથક પરિશ્રમ કર્યો છે. હું એ સર્વેને હૃદયપૂર્વક ધન્યવાદ પાઠવું છું.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે અત્યાધુનિક સુવિધાઓથી સંપન્ન ૧,૭૦,૦૦૦ સ્ક્વેર ફૂટમાં ફેલાયેલું ભાજપાનું આ કેન્દ્રીય કાર્યાલય દુનિયાના બધા રાજકીય પાર્ટીઓના કાર્યાલય કરતાં સૌથી મોટું છે. તેમણે કહ્યું કે અહીંથી પાર્ટીના પ્રદેશ કાર્યાલય અને જિલ્લા કાર્યાલયો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા સંપર્ક સાધી શકાય છે, પ્રધાનમંત્રીજી પ્રદેશ કાર્યકારિણીને અહીંથી જ સંબોધિત કરી શકે છે, આ પ્રકારની વ્યવસ્થાનું નિર્માણ અહીં કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે આ કાર્યાલયમાં આઈટી સેલ, સોશિયલ મીડિયા સેલ અને મીડિયાને લગતી બધી જ સુવિધાઓની સાથે ઉત્તમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ કરાવ્યું છે. તેમણે કહ્યું કે પ્રેસ માટે પણ લાઇવ સંવાદ કરવા માટે બધી જ સુવિધાઓ અહીં ઉપલબ્ધ છે. તેમણે કહ્યું કે કાર્યાલયની પાસે જ ત્રણ સુંદર બગીચાઓનં નિર્માણ દિલ્હી નગર નિગમ અને કેન્દ્ર સરકાર મળીને કરી રહી છે. તેમણે કહ્યું કે રાશિ વન, નક્ષત્ર વન, સપ્તર્ષિ વન, તીર્થંકર વનના નામથી ભવ્ય ઉપવન બનાવવામાં આવ્યાં છે જે જોવાલાયક છે, અને તમને બધાને આગ્રહ કરું છું કે સમય ફાળવીને પરિવાર સાથે આ બગીચાઓમાં એક વાર અવશ્ય ફરવા આવો. તેમણે કહ્યું કે જ્યારે શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા, ત્યારે વન મહોત્સવને તેમણે એક નવું સ્વરૂપ આપ્યું હતું. રાશિઓ, નક્ષત્રો, ઋષિ-મુનિઓ અને તીર્થંકરોનાં વન બનાવ્યાં હતાં, તે જ પદ્ધતિને આ

## ભારતીય જનતા પાર્ટીના દરેક સદસ્યના હૃદયમાંથી એ અવાજ આવવો જોઈએ કે આ મારું કાર્યાલય છે, આ કાર્યાલયનો આત્મા 'કાર્યકર્તા' છે - શ્રી નરેન્દ્રભાઈ મોદી



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે હું કાર્યકર્તાઓની આશાઓ અને આકાંક્ષાઓને અનુરૂપ મુકરર સમયમાં આટલી સુંદર રીતે પાર્ટી કાર્યાલયનું કામ પૂરું કરવા માટે પાર્ટી અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ તથા એમની પૂરી ટીમને હૃદયપૂર્વક વધાઈ આપું છું. તેમણે કહ્યું કે ડૉ. શ્યામાપ્રસાદ મુખરજી અને પંડિત દીનદયાળ ઉપાધ્યાયજી જેવા મહાપુરુષોના માર્ગદર્શનમાં જે યાત્રાનો જનસંઘના મનીષીઓએ પ્રારંભ કર્યો હતો અને દેશ માટે કંઈક કરી છૂટવાના સંકલ્પ સાથે યાત્રાને આગળ વધારી, તે બધા મહાનુભાવોના આત્માને આજે સર્વાધિક સંતોષ થયો હશે કે જે બીજને વર્ષો પહેલાં તેમણે રોપ્યું હતું તે આજે વટવૃક્ષ બનીને કરોડો લોકોને છાંયો પ્રદાન કરે છે.

શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કહ્યું કે ભારતના લોકતંત્રનો ગુલદસ્તો ખૂબ સોહામણો લાગે છે, જ્યાં જાત-પાતના વિચાર અને કાર્યશૈલીવાળા રાજનીતિક પક્ષો પોતાની વિચારધારાને અનુરૂપ જનસામાન્યની આશાઓ અને આકાંક્ષાઓને પૂરી પાડવા માટે સદા પ્રયત્નશીલ રહે છે. તેમણે કહ્યું કે આઝાદી પછી દેશમાં એક સ્વસ્થ લોકતાંત્રિક પરંપરાના બળ પર મજબૂત રાષ્ટ્રવ્યાપી પક્ષના નિર્માણની આવશ્યકતા વર્તાઈ અને આના લીધે દેશભરમાં એક સંરચનાત્મક કાર્યક્રમ શરૂ થયો અને આ મુદ્દા પર એક વૈચારિક અધિષ્ઠાન રૂપે જનસંઘની સ્થાપના થઈ. તેમણે કહ્યું કે સંગઠનાત્મક રચના દ્વારા પક્ષની સ્થાપના, વૈચારિક મૂલ્યોના આધાર પર રાજનીતિને જનતાની સરકારો સાથે સાંકળવી, સંઘર્ષો સામે બાથ ભીડીને બહાર આવવું, ક્યારેય હિંમત ન હારવી અને આ જ આદર્શો અને હિંમત પર આગળ વધવું અને મુશ્કેલીઓમાંથી પણ ઊર્જા પ્રાપ્ત કરવી એ અમારી વિશેષતા છે. તેમણે કહ્યું કે આઝાદી પછી દેશમાં રાષ્ટ્રીય હિતો માટે જેટલાં પણ આંદોલનો થયાં, તે બધાં આંદોલનોનું નેતૃત્વ જનસંઘ અને ભારતીય જનતા પાર્ટીએ કર્યું છે, એ વાતનો અમને બધાને ગર્વ છે. તેમણે કહ્યું કે અમારી પાર્ટી એક રીતે રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલી છે, રાષ્ટ્રહિત માટે મરી ફીટે તેવી છે, ત્યાગ-તપસ્યાની પરાકાષ્ઠા કરનારી છે, જે હમેશા સંગઠનાત્મક લોકતાંત્રિક વ્યવસ્થાઓને અનુરૂપ કામ કરે છે. તેમણે કહ્યું કે વિચારવામાં લોકતંત્ર, કામ કરવામાં લોકતંત્ર, નિર્ણય લેવાની પ્રક્રિયામાં લોકતંત્ર અને નિર્ણયનો અમલ કરવાની લોકતંત્રની શિક્ષા-દીક્ષા, જે અમને ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાના રૂપમાં વારસામાં મળી છે, તે જ શક્તિના સહારે અમે 'સૌનો સાથ - સૌનો વિકાસ'ની પરિકલ્પનાને ચરિતાર્થ કરી શક્યા છીએ.

તેમણે કહ્યું કે બહુપક્ષીય વ્યવસ્થામાં વિભિન્ન વિચારો તથા દળોના સામર્થ્યને સાંકળીને ક્ષેત્રીય આકાંક્ષાઓને સંતોષીને દેશમાં એક નવી આશા કેવી રીતે જગાડી શકાય છે, એ પ્રયોગ પણ શ્રી અટલબિહારી વાજપેયીજીના નેતૃત્વમાં ભારતીય જનતા પાર્ટીએ સફળતાપૂર્વક કરી બતાવ્યો. તેમણે કહ્યું કે બધાને સાથે રાખીને બધાના વિકાસની અવધારણામાં એટલા માટે સફળ થયા છીએ કે અમારા આચાર, વિચાર અને સંસ્કારમાં લોકતંત્ર છે, અને આ જ શક્તિ પર અમે સફળતાપૂર્વક આગળ વધી રહ્યા છીએ.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે પક્ષનું આ નવનિર્મિત કેન્દ્રીય કાર્યાલય એ ઈંટ-પથ્થરોથી બનેલી ફક્ત ઈમારત નથી, બલ્કે પાર્ટીના ૧૧ કરોડ સદસ્યોના અથક પરિશ્રમનું પરિણામ છે. બધા જ કાર્યકર્તાઓની આશા, આકાંક્ષાઓ, આની સાથે જોડાયેલી છે. તેમણે કહ્યું કે ભારતીય જનતા પાર્ટીના દરેક સદસ્યના હૃદયમાંથી એ અવાજ આવવો જોઈએ કે આ મારું કાર્યાલય છે. તેમણે કહ્યું કે આ કાર્યાલયનો આત્મા અમારા કાર્યકર્તાઓ છે. તેમણે કહ્યું કે જ્યારે કોઈ બાબતમાં પોતાપણાનો ભાવ થાય ત્યારે તેની સાથે લાગણીનો તંતુ જોડાય છે. તેમણે કહ્યું કે ભારતની સીમાઓ જ અમારા કાર્યની સીમાઓ છે અને આપણે ત્યાંથી જ ઊર્જા અને સંસ્કાર લઈને પ્રતિપળ આગળ વધવું જોઈએ.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે ઈમારત કેટલીયે મોટી કેમ ન હોય, પરંતુ હું વિશ્વાસ સાથે એ કહી શકું છું કે કાર્યકર્તાઓને પોતાનું જ ઘર લાગનારું કાર્યાલય ભાજપામાં જ શક્ય છે. કેમ કે અમે પરિવારના ભાવથી જ કામ કરીએ છીએ. તેમણે કહ્યું કે આ પોતાપણાના વિશ્વાસની સાથે ભારતીય જનતા પાર્ટીના નવા કેન્દ્રીય કાર્યાલયમાં આજે ૧૧ કરોડથી વધુ પાર્ટી કાર્યકર્તાઓ તથા કોટિ કોટિ દેશવાસીઓની આશાઓ તથા આકાંક્ષાઓને અર્પણ કરું છું. તેમણે કહ્યું કે જનસંઘ અને ભારતીય જનતા પાર્ટી માટે જે મહાનુભાવોએ પોતાનું બલિદાન આપ્યું છે તેમનું અભિવાદન કરીને હું નમન કરું છું અને આ ભવ્ય કાર્યાલયના નિર્માણ માટે રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહે તથા તેમની પૂરી ટીમને ખૂબ ખૂબ વધાઈ આપું છું અને આ ભવ્ય કાર્યાલયના નિર્માણમાં રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ તથા તેમની સમગ્ર ટીમને વધાઈ આપું છું.

ત્રણે પાર્કમાં સમાહિત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે કાર્યકર્તાઓ માટે નવા કેન્દ્રીય કાર્યાલયનું નિર્માણ એક ભાવનાત્મક વિષય પણ છે, કેમ કે કાર્યાલયનું નિર્માણ પંડિત દીનદયાળજીની જન્મશતાબ્દીના વર્ષમાં જ સંપન્ન થયું છે.

ભાજપા અધ્યક્ષે કહ્યું કે આ કાર્યાલયમાં ૧૯ વિભાગ અને ૧૧ પ્રકલ્પ હશે જે પાર્ટીને જનતાની સાથે સંપર્કમાં રાખવા માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે કહ્યું કે આ બધા વિભાગ તથા પ્રકલ્પો લગભગ બધા જિલ્લાઓમાં તૈયાર થઈ ચૂક્યા છે અને તેનું કામ ચાલુ થઈ ગયું છે. તેમણે કહ્યું કે આ દેશમાં હજારો રાજનીતિક પક્ષો છે, પરંતુ હું ગૌરવ સાથે ભારતીય જનતા પાર્ટીના એક અદના કાર્યકરના નાતે કહું છું કે સંગઠનના આધાર પર અને લોકતાંત્રિક તરીકાથી ચાલનારી એકમાત્ર પાર્ટી જનતા પાર્ટી છે. તેમણે કહ્યું કે સંગઠનના આધારે ચાલનારી પાર્ટી માટે કાર્યાલયનું ઘણું બધું મહત્ત્વ હોય છે. તેમણે કહ્યું કે ૧૧ પ્રકલ્પોમાંથી બે પ્રકલ્પ કાર્યાલય નિર્માણ તથા કાર્યાલયના આધુનિકીકરણ માટે અલગ રાખવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ૨૦૧૫માં રાષ્ટ્રીય કાર્યકારિણીમાં અમે નક્કી કર્યું હતું કે ૬૮૪ જિલ્લાઓમાંથી ૬૩૫માં અમે પાર્ટી કાર્યાલયોનું નિર્માણ કરીશું. તેમણે કહ્યું કે મને એ કહેતાં હર્ષ થાય છે કે આ ૬૩૫ કાર્યાલયોમાંથી ૩૧૮ કાર્યાલયો માટે ભૂમિખરીદીનું કામ પૂરું થયું છે. ૧૨૫ બીજાં કાર્યાલયો માટે ભૂમિખરીદીનું કાર્ય ચાલુ છે. ૧૯૨ કાર્યાલયોનું નિર્માણકાર્ય પૂરું થઈ ગયું છે. ૧૦૦ કાર્યાલયોનું નિર્માણકાર્ય ચાલુ છે અને એક વર્ષમાં બધાં જ કાર્યાલયોનું નિર્માણકાર્ય અમે પૂરું કરી દઈશું એવો મને વિશ્વાસ છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ૨૦૧૪માં દેશની જનતાએ ભારતીય જનતા પાર્ટી અને શ્રી નરેન્દ્રભાઈ મોદી પર વિશ્વાસ રાખીને અમને પૂર્ણ બહુમતનો જનાદેશ આપીને સરકાર ચલાવવાનો અધિકાર આપ્યો હતો, તે પછી જે રીતે સરકારનું કામકાજ ચાલી રહ્યું છે અને તેની સુગંધ આમજનતા સુધી પ્રસરી છે તેનાથી પાર્ટી અને પાર્ટી સંગઠન ઘણું મજબૂત થયું છે. તેમણે કહ્યું કે જનમાનસમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની લોકપ્રિયતાએ પાર્ટીને મજબૂત કરવાનું કામ કર્યું છે, અને કાર્યકર્તાઓએ આના માટે અથક પરિશ્રમ કર્યો છે, તેનું જ પરિણામ છે કે આજે દેશનાં ૧૯ રાજ્યોમાં ભારતીય જનતા પાર્ટી અને ભાજપા તથા સહયોગીઓની સરકારો છે, સાથે જ કેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં પૂર્ણ બહુમતવાળી સરકાર છે. તેમણે કહ્યું કે રાજનીતિક પાર્ટીઓ ચૂંટણી જીતવા તથા સત્તા મેળવવા માટે ચૂંટણીના મેદાનમાં ઊતરતી હશે, પરંતુ ભારતીય જનતા પાર્ટી ફક્ત ચૂંટણી જીતવા માટે નહીં, પરંતુ એક નવા ભારતના નિર્માણ માટેની ખ્વાહિશ સાથે રાજનીતિમાં છે.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે ૧૯૫૦થી શરૂ થયેલી અમારી યાત્રા કેટલાય ઉતાર-ચઢાવ, જય-પરાજય તથા અનેક સંઘર્ષો સામે બાથ ભીડીને અહીં સુધી પહોંચી છે અને મને એ કહેતાં આનંદની અનુભૂતિ થાય છે કે ૧૦ સભ્યોથી શરૂ થયેલી પાર્ટી આજે ૧૧ કરોડ સભ્યો સાથે ભારતીય જનતા પાર્ટીના રૂપમાં વિશ્વમાં સૌથી મોટી પાર્ટી છે. ૧૯ રાજ્યોમાં અમારી સરકારો છે, ૧૦૦૦થી અધિક વિધાયકો છે, લગભગ ૩૩૦ સાંસદ છે અને કેન્દ્રમાં પૂર્ણ બહુમતવાળી અમારી સરકાર છે. તેમણે કહ્યું કે અહીં સુધી પહોંચવા માટે કેટલાય કાર્યકર્તાઓએ પોતાનું સર્વસ્વ પાર્ટી માટે ત્યાગી દીધું છે. કેટલાય કાર્યકર્તાઓએ ત્યાગ અને સ્વબલિદાનથી પાર્ટીને સીંચિત કરી છે. કેરળ, પશ્ચિમ બંગાળ અને ત્રિપુરા રાજ્યોમાં અમારા કેટલાય કાર્યકર્તાઓની હત્યા કરવામાં આવી છે, છતાં પણ હિંમત હાર્યા વગર અમારા કાર્યકર્તાઓએ પાર્ટીને આગળ ધપાવવાનું કામ કર્યું છે. તેમણે કહ્યું કે આજે નવા કેન્દ્રીય કાર્યાલયના ઉદ્ઘાટનના અવસરે પાર્ટીની વિકાસયાત્રા માટે પોતાના પ્રાણની આહુતિ આપનારા તે બધા જ કાર્યકર્તાઓને પાર્ટીના ૧૧ કરોડ કાર્યકર્તાઓ તરફથી વિનમ્રતા સાથે હું શ્રદ્ધાંજલિ અર્પણ કરું છું. આ એમના જ પુણ્યનું ફળ છે કે પાર્ટી અહીં સુધી પહોંચી શકી છે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રીએ કહ્યું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં ૧૧ કરોડ સભ્યોની સાથે ભારતીય જનતા પાર્ટીનું સંગઠન ન્યૂ ઈન્ડિયાના સ્વપ્નને સાકાર કરવા માટે નિરંતર કામ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે પાર્ટીનું નવું કેન્દ્રીય કાર્યાલય અમારી આશાઓ અને દેશની જનતાની અપેક્ષાઓ તથા આકાંક્ષાઓને પૂરી કરવામાં વાહક બને, ભારતીય જનતા પાર્ટીની વિજયયાત્રાને આગેકૂચ કરાવનારું બને અને પાર્ટીનાં બધાં જ ક્ષેત્રોમાં હજુ વધુ ઊંચાઈઓ પ્રદાન કરનારું બને, આ મારી ઈશ્વરને પ્રાર્થના છે. તેમણે કહ્યું કે જનસંઘની સ્થાપનાથી લઈને આજ સુધી જેમણે પાર્ટીનું અધ્યક્ષપદ શોભાવ્યું છે તેમની ગરિમામય ઉપસ્થિતિ આજે અહીં છે. બધાએ પાર્ટીની વિકાસયાત્રાને અહીં સુધી પહોંચાડવામાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. હું તે બધાનું અભિવાદન કરું છું.

●

**પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ્' ખાતે 'સરપંચ અભિવાદન સમારોહ' યોજાયો**




## ૭૫ ટકાથી પણ વધુ ભાજપા સમર્થિત સરપંચોને વિજયી બનાવીને ગ્રામીણ જનતાએ ભાજપાની ખેડૂતલક્ષી અને વિકાસલક્ષી નીતિઓને વધુ એક વખત મંજૂરીની મહોર મારી છે - શ્રી જીતુભાઈ વાઘાણી

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની ઉપસ્થિતિમાં ભાજપા પ્રદેશ કાર્યાલય ''શ્રી કમલમ્'' ગાંધીનગર ખાતે ''સરપંચ અભિવાદન સમારોહ'' યોજાયો હતો, જેમાં તાજેતરમાં યોજાયેલ ૧૪૪૨ ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં ૭૫ ટકાથી વધુ ભાજપા સમર્થિત ચૂંટાયેલા સરપંચો તેમજ સભ્યોનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં રાજકીય રીતે મહત્ત્વના વિસ્તારોમાંથી ચૂંટાયેલા ભાજપા સમર્થિત સરપંચોનું પણ વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું.

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ ''ભારત માતા કી જય''ના જયકાર સાથે ચૂંટાયેલા સૌ સરપંચો અને સભ્યોને હર્ષભેર વધાવી જણાવ્યું હતું કે, ભાજપાની સરકારો ગામડાંઓની સર્વાંગી સુખાકારી, ગામડાંમાં પણ શહેર જેવી સુવિધાઓ અને ખેડૂતો વધુ સમૃદ્ધ થાય તે માટે કાર્યરત છે. ૭૫ ટકાથી પણ વધુ ભાજપા સમર્થિત સરપંચોને વિજયી બનાવીને ગ્રામીણ જનતાએ ભાજપાની ખેડૂતલક્ષી અને વિકાસલક્ષી નીતિઓને વધુ એક વખત મંજૂરીની મહોર મારી છે. જ્યાં જ્યાં કોંગ્રેસના ધારાસભ્યો ચૂંટાયા છે તેવા વિસ્તારોનાં ગામડાંઓમાં પણ ભાજપા સમર્થિત સરપંચો ચૂંટાયા છે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં સતત છઠ્ઠી વખત હારનાર કોંગ્રેસને ફરી એક વખત ગુજરાતની જનતાએ જાકારો આપ્યો છે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ૧૯૯૫ પહેલાં કોંગ્રેસના શાસનમાં ગામડાંઓમાં શું સુવિધાઓ હતી ? અને આજે શું સુવિધાઓ છે ? આ બંનેના તફાવત વચ્ચે ભાજપાની વિકાસગાથા સમાયેલી છે. કોંગ્રેસના શાસનમાં પાયાની સુવિધાઓથી વંચિત ગામડાંઓમાં પીવાનું શુદ્ધ પાણી પણ ઉપલબ્ધ નહોતું. ગામડાનો માણસ શિક્ષિત ન બને અને પીડિત-શોષિત રહે તે પ્રકારની નીતિઓ કોંગ્રેસની હતી. જ્યારે ગુજરાતમાં ભાજપા સરકારના તમામ મુખ્યમંત્રીશ્રીઓએ અથાગ પરિશ્રમ કરી

---

**ચૌદમી વિધાનસભાના પ્રારંભે ૧૮મા અધ્યક્ષ તરીકે શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીની સર્વાનુમતે વરણી**



**ગુજરાતે પ્રસ્થાપિત કરેલી ઉચ્ચ સંસદીય પરંપરાને સુદૃઢ બનાવવા ફરજ બજાવીશ - અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી**

ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રારંભે વિધાનસભાના ૧૮મા અધ્યક્ષ તરીકે સર્વાનુમતે વરણી થયા બાદ પોતાના પ્રતિભાવમાં નવનિર્મિત અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, ગુજરાતે પ્રસ્થાપિત કરેલી ઉચ્ચ સંસદીય પરંપરાને સુદૃઢ બનાવવા ફરજ બજાવીશ. વિધાનસભાના અધ્યક્ષની સર્વાનુમતે વરણી થવા અંગે તેમણે વિધાનસભાના તમામ સભ્યોનો આભાર માન્યો હતો અને જણાવ્યું હતું કે, અગાઉના અધ્યક્ષશ્રીઓના નિર્ણયો તેમની સુદીર્ઘ કારિકર્દી માટે પથદર્શક બની રહેશે.

ગામડાંઓના વિકાસને નવી ઊંચાઈએ પહોંચાડ્યો છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી ગામડું, ગરીબ અને ખેડૂતલક્ષી નીતિઓ દ્વારા ''સમૃદ્ધ કિસાન-સશક્ત ભારત''ના મંત્ર સાથે રાત-દિવસ અથાગ પરિશ્રમ કરી રહ્યા છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં ગામડાંઓના સર્વાંગી વિકાસ અને સમૃદ્ધિ માટે ભાજપા સંગઠન અને સરકારો સાથે મળીને કાર્ય કરી રહી છે ત્યારે, ગુજરાતમાં પણ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલના નેતૃત્વમાં ગ્રામીણ ક્ષેત્રોના વિકાસ માટે કૃષિ અને ખેડૂતલક્ષી યોજનાઓને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.



**સરકાર ખેડૂતોની સાથે છે, ભાજપાની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું લક્ષ્ય ગામડું છે. ગામડું સુખી, ખેડૂત સુખી તો દેશ સુખી. તે વિચારને લઈને સરકાર કાર્યરત છે**

**- શ્રી વિજયભાઈ રૂપાણી**

માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ નવા ચૂંટાયેલા સરપંચો અને સભ્યોને શુભેચ્છા સાથે અભિનંદન આપ્યાં હતાં. તેમણે જણાવ્યું હતું કે, સરપંચની ચૂંટણી જીતવી અઘરી છે, કેમ કે, નાનું ગામ હોય, ઓછા મતદાર હોય, આવી સ્થિતિમાં જે વ્યક્તિ રાત-દિવસ પ્રજા વચ્ચે રહી સેવાકાર્ય કરતો હોય તેવા વ્યક્તિ જ ચૂંટાતા હોય છે. આવી અઘરી કસોટીમાંથી પાર પડીને તમે ચૂંટાયા છો તેથી સૌને લાખ-લાખ અભિનંદન.

શ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, જુઠ્ઠાણાંઓ ફેલાવી ગ્રામ્ય પ્રજાને ગેરમાર્ગે દોરવાના કોંગ્રેસના પ્રયત્નો સફળ થયા નથી. ગામડાંઓમાં ૭૫ ટકા જેટલા ભાજપા સમર્થિત સરપંચો ચૂંટાયા છે. ગુજરાતમાં સતત છઠ્ઠી વખત ભાજપાની સરકાર બની છે. ૨૨-૨૨ વર્ષોથી ભાજપાએ પ્રજાનો વિશ્વાસ જાળવ્યો છે. ભાજપાની મતની ટકાવારી પણ વધી છે ત્યારે, આગામી નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતોની ચૂંટણીઓમાં પણ ભાજપાનો ભવ્ય વિજય નિશ્ચિત છે. દેશમાં વર્ષોથી કોંગ્રેસની સરકારો હતી ત્યારે, ભ્રષ્ટાચારમાં ડૂબેલી કોંગ્રેસે ગામડાંઓ અને ખેડૂતો માટે કશું નક્કર આયોજન કર્યું નહીં. આજે કેન્દ્રની શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર ગામડાંઓ અને ખેડૂતોના સર્વાંગી વિકાસ માટેની નીતિઓ બનાવે છે. આ વખતના કેન્દ્રીય બજેટમાં પણ ગ્રામીણ વિકાસ અને ખેડૂતોની સમૃદ્ધિ માટેની ખૂબ મહત્ત્વની યોજનાઓ જાહેર કરી છે. ખેડૂતોને કૃષિપેદાશોના ટેકાના ભાવોમાં પડતર કિંમત કરતાં દોઢ ગણું સમર્થન મૂલ્ય નક્કી કરવાનો ઐતિહાસિક નિર્ણય મોદી સરકારે લીધો છે.

શ્રી વિજયભાઈ રૂપાણીએ અંતમાં તમામ સરપંચો અને સભ્યોને આહ્વાન આપતાં જણાવ્યું હતું કે, સરકાર ખેડૂતોની સાથે છે, ભાજપાની કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનું લક્ષ્ય ગામડું છે. ગામડું સુખી, ખેડૂત સુખી તો દેશ સુખી. તે વિચારને લઈને સરકાર કાર્યરત છે. ત્યારે તમારા કોઈપણ પ્રશ્નો લઈને આવો, સરકાર તેના નિરાકરણ માટે હરહંમેશ તૈયાર રહેશે.



**ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં મોટા ભાગે તમામ ગામડાંઓમાં ભાજપાના શુભેચ્છક, સમર્થક કે કાર્યકરો સરપંચ અને સભ્યો તરીકે ચૂંટાયા છે જે દર્શાવે છે કે ગ્રામીણ પ્રજાને ભાજપાની વિકાસલક્ષી નીતિઓમાં સંપૂર્ણ ભરોસો છે**

**- શ્રી નીતિનભાઈ પટેલ**

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તેમના વક્તવ્યમાં ચૂંટાયેલા સરપંચો અને સભ્યોને અભિનંદન આપતાં જણાવ્યું હતું કે, ગ્રામ પંચાયતની ચૂંટણીઓમાં મોટા ભાગે તમામ ગામડાંઓમાં ભાજપાના શુભેચ્છક, સમર્થક કે કાર્યકરો સરપંચ અને સભ્યો તરીકે ચૂંટાયા છે જે દર્શાવે છે કે ગ્રામીણ પ્રજાને ભાજપાની વિકાસલક્ષી નીતિઓમાં સંપૂર્ણ ભરોસો છે. ગામડાંઓના સર્વાંગી વિકાસ માટે ભાજપા સરકાર કટિબદ્ધ છે. જ્યાં સુધી ગામડાઓનો સંપૂર્ણ વિકાસ ન થાય ત્યાં સુધી ભાજપ સરકાર ગ્રામીણ વિકાસલક્ષી કાર્યો અવિરત ચાલુ રાખશે.

આ અભિવાદન સમારોહમાં પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણિયા, મહામંત્રીશ્રીઓ શ્રી ભરતસિંહ પરમાર, શ્રી મનસુખભાઈ માંડવિયા, શ્રી કે.સી.પટેલ, શ્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ આગેવાનોશ્રી સુરેન્દ્ર કાકા, શ્રી આઈ. કે. જાડેજા, શ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, શ્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશ મંત્રીશ્રી અમિતભાઈ ઠાકર, શ્રી હર્ષદગીરી ગૌસ્વામી, શ્રી જીવરાજભાઈ ચૌહાણ, શ્રી પ્રદીપસિંહ વાઘેલા તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી જશવંતસિંહ ભાભોર, સાંસદ શ્રી જયશ્રીબેન પટેલ, રાજ્ય સરકારના મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ, શ્રી જયદ્રથસિંહ પરમાર, શ્રીમતી વિભાવરીબહેન દવે, શ્રી વાસણભાઈ આહિર સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

•

## નગરપાલિકાની ચૂંટણીના પરિણામોમાં ભાજપાનો ભવ્ય વિજય
## ૪૭ નગરપાલિકાઓમાં ભાજપાનું શાસન, ૧,૨૧૨ સભ્યો ચૂંટાયા
### રાજકોટ મહાનગરપાલિકાની પેટાચૂંટણીમાં ભાજપાએ કોંગ્રેસ પાસેથી બેઠક આંચકી

પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, જાહેર થયેલ ૭૫ નગરપાલિકાઓની ચૂંટણી પરિણામોમાં ગુજરાતની જનતાએ પુનઃ વિકાસની રાજનીતિને વ્યાપક સમર્થન આપી ગ્રામીણ ક્ષેત્ર સાથે જોડાયેલી નગરપાલિકાઓમાં ભાજપાને વિજયી બનાવી છે. ભાજપાએ ૭૫ પૈકી ૪૭ નગરપાલિકાઓમાં સ્પષ્ટ બહુમતી સાથે વિજય મેળવ્યો છે. શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કંડારેલી વિકાસની યાત્રાને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આગળ ધપાવતાં જનહિતનાં કરેલ કાર્યોને પરિણામોએ સમર્થન આપ્યું છે. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ ગુજરાત ભાજપાના સંગઠનના સૌ કાર્યકર્તાઓ રાજ્યના વિકાસ માટે સતત કાર્યશીલ હોય છે. જ્યારે કોંગ્રેસે જ્ઞાતિ-જાતિનાં અનેક તરકટો અને કાવા-દાવા ચૂંટણી પહેલાં રચ્યાં છતાં ગુજરાતની જનતાએ સાતત્યપૂર્ણ વિકાસને સમર્થન આપ્યું છે. વર્ષ ૨૦૧૩માં યોજાયેલ નગરપાલિકા ચૂંટણીઓ કરતાં ભાજપાના વધુ પ્રતિનિધિઓ ચૂંટાયા છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજ્યના વિવિધ જિલ્લાઓમાં યોજાયેલી આ નગરપાલિકા ચૂંટણીમાં કોંગ્રેસના ૪૧ જેટલા ધારાસભ્યોના મતવિસ્તારમાં આવતી લગભગ ૩૦ વિધાનસભાની નગરપાલિકાઓમાં કોંગ્રેસનો કારમો પરાજય થયો છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખના જિલ્લાની વિદ્યાનગર નગરપાલિકામાં ભાજપાએ ૨૪માંથી ૨૪ બેઠકો, જ્યારે મહેસાણા જિલ્લાની વડનગર નગરપાલિકામાં ૨૮ પૈકી ભાજપાએ ૨૭ બેઠકો પર વિજય પ્રાપ્ત કર્યો છે. ઘણી નગરપાલિકાઓમાં કોંગ્રેસનું ખાતું પણ ખૂલ્યું નથી. વિરોધ પક્ષના નેતા તથા કોંગ્રેસી અગ્રણીઓના વિસ્તારમાં કોંગ્રેસ ભૂંડી રીતે હારેલ છે. આમ છતાં કોંગ્રેસ ચૂંટણી ચિહ્ન પર લડાતી સ્પષ્ટ પરિણામો દર્શાવતી નગરપાલિકાઓમાં પણ પોતાની હારને પચાવી શકતી નથી. શ્રી જીતુભાઈ વાઘાણીએ કોંગ્રેસ પ્રમુખને પડકાર ફેંક્યો હતો કે, ૨૪ નગરપાલિકા જીતવાનાં બણગાં ફૂંકતી કોંગ્રેસ આ નગરપાલિકાઓની યાદી જાહેર કરે. ચૂંટણી પંચ દ્વારા જીતેલ નગરપાલિકાઓ જાહેર કરેલ હોય તેના કરતાં કોંગ્રેસ વધારે જીતનો દાવો કરીને જુઠ્ઠાણાં ફેલાવવાનો પોતાની સ્વભાવ છોડી શકતી નથી અને કોંગ્રેસ પ્રમુખ હળાહળ જુઠ્ઠાણાં ફેલાવવાનું બંધ કરે, લાજવાને બદલે ગાજવાનું બંધ કરે.

શ્રી જીતુભાઈ વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, આ નગરપાલિકાઓની કુલ ૨,૧૧૬ બેઠકોમાંથી ૧,૯૭૯ બેઠકો પર ભાજપે પોતાના ઉમેદવારો ઊભા રાખ્યા હતા. જે પૈકી ભાજપા કુલ ૧,૨૧૨ બેઠકો પર એટલે કે ભાજપાના ૬૧ ટકાથી વધુ ઉમેદવારો વિજયી બન્યા છે. ઘણી નગરપાલિકાઓમાં ચોથી કે પાંચમી વાર ભાજપાનું શાસન આવ્યું છે. વિકાસનો જનાદેશ જનતાએ આપ્યો છે. ભાજપ અવિરત પ્રયાસ થકી હજુ વધુ વિકાસના પથ ઉપર ગુજરાતને લઈ જશે. નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી સાથે રાજકોટ મહાનગરપાલિકાની વોર્ડ નં. ૪ની એક બેઠકની પેટાચૂંટણી યોજાઈ હતી, જે કોંગ્રેસની બેઠક હતી તે છીનવી ભાજપા વિજયી બન્યું છે. તેમણે અંતમાં રાજ્યના મતદારો, કાર્યકર્તાઓનો આભાર માનતાં પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ્ ખાતે યોજાયેલા વિજયોત્સવમાં વિજયી બનેલ ઉમેદવારોને અભિનંદન પાઠવ્યાં હતાં. પ્રદેશ કાર્યાલય ખાતે મોટી સંખ્યામાં વિજયી ઉમેદવારો, પ્રદેશના આગેવાનો સહિત કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા જ્યાં સૌએ ઢોલ-નગારાંના નાદે, ફટાકડા ફોડી, મીઠાઈ વહેંચી વિજયોત્સવ મનાવ્યો હતો.



## જિલ્લા પંચાયતનાં પરિણામો ગ્રામીણ જનતાના ભાજપ તરફી જનમતનું પ્રતિબિંબ - શ્રી ભરત પંડ્યા

શ્રી ભરત પંડ્યાએ મતદારોનો આભાર માનતા જણાવ્યું હતું કે, ગુજરાત વિધાનસભામાં સતત છઠ્ઠી વખત જનતા જનાર્દનના આશીર્વાદથી ભાજપાના વિજયી બન્યા બાદ સરપંચોની ચૂંટણીઓમાં ૭૫ ટકા ભાજપા સમર્થિત સરપંચો ચૂંટાયા છે. ત્યારબાદ થયેલી નગરપાલિકાઓની ચૂંટણીઓમાં ૪૭ નગરપાલિકાઓમાં ભવ્ય વિજય થયો છે. તાજેતરમાં જ પૂર્ણ થયેલી જિલ્લા-તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં ભાજપાનો ભવ્ય વિજય થયો છે. જિલ્લા પંચાયતોની ચૂંટણીઓમાં ભાજપાએ કુલ ૬૧ બેઠકો પર વિજય મેળવ્યો છે. ૨૦૧૩નાં પરિણામોની સરખામણીમાં આ વખતે ભાજપાની કુલ બેઠકોમાં ૧૪ બેઠકોનો વધારો થયો છે. જિલ્લા પંચાયત પેટાચૂંટણીઓમાં ૦૫ માંથી ૦૩ બેઠકો ભાજપાને તથા તાલુકા પંચાયતની પેટાચૂંટણીઓમાં પણ ૨૪માંથી ૧૮ બેઠકો પર ભાજપાનો ભવ્ય વિજય થયો છે.

કોંગ્રેસનો ગઢ ગણાતા ખેડા જિલ્લામાં પણ ભાજપાનો ભગવો લહેરાયો છે. બે તૃતીયાંશ બહુમતી સાથે ખેડા જિલ્લા પંચાયત ભાજપાએ કબજે કરી છે. ૨૦૧૩માં ખેડા જીલ્લા પંચાયતમાં ભાજપાના ૧૮ સભ્યો ચૂંટાયા હતા જ્યારે આ વખતે ૨૮ સભ્યો ભાજપાના ચૂંટાયા છે. તે જ રીતે બનાસકાંઠા જિલ્લા પંચાયતમાં પણ ૨૦૧૩માં ૨૬ સભ્યો ભાજપાના ચૂંટાયા હતા જ્યારે આ વખતે ૩૦ સભ્યો ભાજપાના ચૂંટાયા છે. આ ઉપરાંત ૦૭ તાલુકા પંચાયતોમાં ભાજપાને સંપૂર્ણ બહુમતી મળી છે. ૦૨ જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણીઓમાં ભાજપાના કુલ ૨૬૭ સભ્યો વિજયી બન્યા. આ પરિણામ એ સમગ્ર ગુજરાતની ગ્રામીણ જનતાના ભાજપા તરફી જનમતનું પ્રતિબિંબ છે



# ભાજપની કેન્દ્ર સરકારની ઉપલબ્ધિઓ

### સેવાક્ષેત્રનો વિકાસદર ૮.૩ ટકા

કેન્દ્રીય વિત્ત મંત્રાલય અનુસાર ભારતના કુલ મૂલ્યવર્ધન (જીવીએ)માં ૫૫.૨ ટકાની ભાગીદારી સાથે સેવાક્ષેત્ર ભારતના આર્થિક વિકાસનું મુખ્ય ઘટક રહ્યું છે અને સેવાક્ષેત્રના ૮.૩ ટકાના દરમાં વૃદ્ધિ થવાની સંભાવના છે. ૨૦૧૭-૧૮માં નિકાસનો દર ૧૬.૨ ટકા જેટલો રહ્યો. ડિજિટલીકરણ, ઈ-વીમો, લોજિસ્ટિક ક્ષેત્રમાં બુનિયાદી યોજના, સ્ટાર્ટઅપ, હાઉસિંગ ક્ષેત્રની યોજના સહિત કેટલીય યોજનાઓ શરૂ કરી છે, જેનાથી સેવાક્ષેત્રમાં ઉત્કર્ષ થવાની સંભાવના છે.

### ૧૨૦ કરોડ વિદેશી પર્યટકો ભારત પધાર્યા

સંયુક્ત રાષ્ટ્રના વિશ્વ પર્યટન સંગઠન (ડિસેમ્બર, ૨૦૧૭) અનુસાર ૨૦૧૬માં આંતરરાષ્ટ્રીય પર્યટકોની આગમન કુલ મળીને ૧૨૦ કરોડ સુધી પહોંચી ગયું, જે ગત વર્ષની તુલનામાં ૪.૧૬ ટકા જેટલું વધુ હતું. ભારતમાં ૨૦૧૬માં ૮.૮ મિલિયન વિદેશી પર્યટકો આવ્યા હતા. ૯.૭ ટકા જેટલી તેમાં વૃદ્ધિ થઈ. આ વૃદ્ધિની સાથે પર્યટન ક્ષેત્ર પણ સારું પ્રદર્શન કરી રહ્યું છે. પર્યટન ક્ષેત્રના આંકડા અનુસાર ૨૦૧૭ દરમિયાન ૧૫.૬ ટકાની વૃદ્ધિ સાથે ૧૦.૨ મિલિયન વિદેશી પર્યટકોનું આગમન થયું, જ્યારે ૨૦૧૬ની તુલનામાં ૨૦.૪ ટકાની વૃદ્ધિ સાથે ૨૭.૭ બિલિયન અમેરિકી ડૉલર વિદેશી મુદ્રાની આવક થઈ. સર્વવિદિત છે કે પર્યટનક્ષેત્રના વિકાસ માટે સરકારે કેટલાય ઉપાયો કર્યા છે. તાજેતરમાં લેવાયેલાં પગલાંમાં ૧૬૩ દેશોના નાગરિકો માટે પર્યટકો, દવાઓ અને બિઝનેસની ત્રણ શ્રેણીઓ અંતર્ગત ઈ-વીઝાની શરૂઆત કરવામાં આવી છે. અનેક ચેનલો પર ૨૦૧૭-૧૮ માટે ગ્લોબલ ઈન્ડિયાની શરૂઆત ભારતમાં વિશ્વ ધરોહર સ્થળોને લોકપ્રિય બનાવવા માટે 'ધ હેરિટેજ ટ્રેન' ભારતીયોને પોતાના દેશ પ્રત્યે જાગૃત કરવાની દૃષ્ટિથી 'જુઓ આપણો દેશ' જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

### ઉપગ્રહ પ્રક્ષેપણ ક્ષેત્રે ભારતનું શાનદાર પ્રદર્શન

ઉપગ્રહ પ્રક્ષેપણ ક્ષેત્રમાં ભારતે છેલ્લા કેટલાંક વર્ષોમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. માર્ચ, ૨૦૧૭માં ૨૫૪ ઉપગ્રહોના પ્રક્ષેપણની સાથે ભારતે સેટેલાઈટ ક્ષેત્રમાં એક રેકર્ડ કર્યો. આનાથી ભારતને ઘણીબધી વિદેશી મુદ્રામાં આવક પ્રાપ્ત થઈ. ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭માં ક્રમશઃ ૩૯૪ કરોડ અને ૨૭૫ કરોડ રૂપિયાની આવક ઉપગ્રહ પ્રક્ષેપણથી પ્રાપ્ત થઈ. આ જ રીતે ૨૦૧૪-૧૫માં ૧૪૯ કરોડ રૂપિયાની આવક થઈ. વૈશ્વિક ઉપગ્રહ પ્રક્ષેપણથી પ્રાપ્ત થનારી આવકમાં ભારતની હિસ્સેદારી વધી રહી છે. આમાં ૨૦૧૫-૧૬માં ૧ ટકાની વૃદ્ધિ થઈ છે.

### અનુસંધાન અને વિકાસમાં નોંધપાત્ર વૃદ્ધિ

ભારત આધારિત અનુસંધાન અને વિકાસ (આર એન્ડ ડી) સેવાઓમાં ૨૨ ટકા વૈશ્વિક બજારની હિસ્સેદારીમાં ૧૨.૭ ટકાની વૃદ્ધિ થઈ છે. આર એન્ડ ડી ક્ષેત્રમાં ભારતનો કુલ ખર્ચ જીડીપીનો લગભગ ૧ ટકો છે. ગ્લોબલ ઈન્ડેક્ષ (જીઆઈઆઈ) ૨૦૧૭માં ભારત ૧૨૭ દેશોમાં ૬૦મા ક્રમે છે. ૨૦૧૬માં આ ક્રમ ૬૬મો હતો.

### સૂચના પ્રૌદ્યોગિકી - બીપીએમ સેવાઓમાં ૮.૧ ટકાની વૃદ્ધિ

ભારતની સૂચના પ્રૌદ્યોગિકી બીપીએમમાં ૮.૧ ટકાના દરથી વૃદ્ધિ થઈ છે અને નાસકોમના આંકડા અનુસાર ૨૦૧૫-૧૬માં ૧૨૯.૪ બિલિયન અમેરિકી ડૉલરથી વધીને ૨૦૧૬-૧૭માં ૧૩૯.૯ બિલિયન અમેરિકી ડૉલર (ઈ-કોમર્સ તથા હાર્ડવેરને બાકાત કરીને) વધી ગઈ છે. આઈટી-બીપીએમ નિકાસમાં ૭.૬ ટકાની વૃદ્ધિ થઈ છે, અને આ અવધિ દરમ્યાન એ ૧૦૭.૮ બિલિયન અમેરિકી ડૉલરથી વધીને ૧૧૬.૧ બિલિયન અમેરિકી ડૉલર થઈ ગઈ. ૨૦૧૬-૧૭માં ઈ-કોમર્સ બજારમાં ૧૯.૧ પ્રતિશત વૃદ્ધિ દરની સાથે વેપાર

લગભગ ૩૩ બિલિયન અમેરિકી ડૉલર જેટલો થવાનું અનુમાન છે. સર્વવિદિત છે કે અમેરિકા, ઇંગ્લેન્ડ, યુરોપિયન યુનિયન દેશોના આઈટી-આઈટીએસ નિકાસકારોનું લગભગ ૯૦ જેટલું યોગદાન છે. ઈપેક લેટિન અમેરિકા અને મિડલ ઈસ્ટ એશિયાઈ દેશોમાંથી માંગ વધી છે અને યુરોપ મહાદ્વીપ જાપાન, ચીન, આફ્રિકામાં વેપારના વિસ્તરણ માટે તકો સાંપડી રહી છે.

**જીએસટીના પ્રથમ આઠ મહિનામાં અપ્રત્યક્ષ કરદાતાઓની સંખ્યામાં ૫૦ ટકાની વૃદ્ધિ**

ભાજપાનીત કેન્દ્રની રાજગ સરકારના કુશળ વહીવટ તથા ભ્રષ્ટાચારમુક્ત પૂર્ણ પારદર્શિતાના લીધે માલસામાન તથા સેવા કર (જીએસટી)ના પહેલા આઠ મહિનામાં અપ્રત્યક્ષ કરદાતાઓની સંખ્યામાં ૫૦ ટકાની વૃદ્ધિ થઈ છે. સ્વૈચ્છિક ખરીદીમાં (વિશેષતઃ નાના ઉદ્યોગીઓ દ્વારા, જેઓ મોટા ઉદ્યોગીઓ પાસેથી ખરીદી કરે છે) ઘણી વૃદ્ધિ થઈ છે.

એપ્રિલ-નવેમ્બર ૨૦૧૭ દરમિયાન રાજ્યોના હિસ્સામાં ૨૫.૨ ટકાની વૃદ્ધિ થઈ છે, જે ૧૨.૬ ટકાની શુદ્ધ કરની આવક (કેન્દ્રની) વૃદ્ધિ તથા ૧૬.૫ ટકાની કુલ કરની આવકથી ઘણી વધુ છે. મહાલેખા નિયંત્રક દ્વારા પ્રાપ્ત નવેમ્બર, ૨૦૧૭ સુધીના કેન્દ્ર સરકારના વિત્તીય આંકડાઓ પરથી જાણી શકાય છે કે ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮ના પહેલા આઠ મહિના દરમિયાન કુલ કર પ્રાપ્તિ થઈ છે તથા બીજા કરોની આવકમાં ધીમી ગતિથી આવકમાં બહેતર પ્રગતિ થઈ છે. કેન્દ્રની કરવસૂલીમાં વૃદ્ધિ પાછળના વર્ષને અનુરૂપ રહી છે અને ૧૩.૭ ટકાના વૃદ્ધિદર સાથે આ લક્ષ પાર પડવાની ઉમ્મીદ છે, જ્યારે અપ્રત્યક્ષ કરોમાં એપ્રિલ, નવેમ્બર ૨૦૧૭ દરમ્યાન ૧૮.૩ ટકાની વૃદ્ધિ થઈ છે.

એ સર્વવિદિત છે કે રાજ્યોના આંતરરાષ્ટ્રીય નિકાસ આંકડાઓથી ખબર પડે છે કે નિકાસ નિષ્પાદન તથા રાજ્યોના જીવનસ્તર વચ્ચે ગાઢ સંબંધ છે. દરઅસલ, ભારતીય નિકાસ બીજા તુલનાત્મક દેશોની અપેક્ષાએ મોટા ઉદ્યોગોની નિકાસની સાથેની ભાગીદારીમાં બહુ જ ઓછી છે. ભારતનો આંતરિક વ્યાપાર જીડીપી લગભગ ૬૦ ટકા છે, જે પાછલા વર્ષના સર્વેક્ષણમાં અનુમાનથી ઘણો વધુ છે, તથા અન્ય દેશોથી ઘણો વધારે છે. ભારતનું ઔપચારિક ક્ષેત્ર, વિશેષતઃ ઔપચારિક ગેર-ફાર્મ પે-રોલ અત્યારે જેવું સમજવામાં આવ છે, જેનાથી ઘણું વધારે છે. સામાજિક સુરક્ષા વ્યવસ્થાના દૃષ્ટિકોણથી ઔપચારિક અન્ય કાર્યબળના ૩૧ ટકાની આસપાસ ઔપચારિક ક્ષેત્ર પે-રોલનું અનુમાન છે, જ્યારે જીએસટી તંત્રના હિસ્સારૂપે ઔપચારિકતાની દૃષ્ટિથી ઔપચારિક ક્ષેત્ર પે-રોલનો ૫૩ ટકા હિસ્સો થાય છે.

**એપ્રિલ-સપ્ટેમ્બર દરમિયાન સેવા નિર્યાત અને સેવા આયાતમાં ક્રમશઃ ૧૬.૨ તથા ૧૭.૪ ટકાની ઉલ્લેખનીય વૃદ્ધિ**

વર્ષ ૨૦૧૭-૧૮ના એપ્રિલ-સપ્ટેમ્બર સુધીના સમય દરમ્યાન સેવા નિર્યાત અને સેવા આયાતમાં ક્રમશઃ ૧૬.૨ તથા ૧૭.૪ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. આ સમય દરમ્યાન સેવાક્ષેત્રથી સંલગ્ન ચોખ્ખી આવકમાં ૧૪.૬ ટકાની વૃદ્ધિ આંકવામાં આવી છે. સેવાક્ષેત્રના શુદ્ધ અધિશેષ (સરપ્લસ)થી વર્ષ ૨૦૧૭-૧૮ના પ્રથમ છ માસ દરમ્યાન ભારતના વિનિર્માણ ક્ષેત્રમાં ઉલ્લેખ કરાયેલી કમીના લગભગ ૪૯ ટકાનું વિત્ત પોષણ થયું. એ જાહેર છે કે ભારત ૩.૪ ટકાની હિસ્સેદારી સાથે વર્ષ ૨૦૧૬ દરમ્યાન વિશ્વમાં વાણિજ્ય સેવાઓના આઠમા સૌથી મોટા નિર્યાતક તરીકે પોતાનું સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યું છે. વિશ્વમાં ભારતના વાણિજ્યિક નિર્યાતની ૧.૭ ટકા હિસ્સેદારીની તુલનામાં બેગણી છે. ભારતના સેવાક્ષેત્રે ૨૦૧૬-૧૭માં ૫.૭ ટકાનો નિર્યાત દર વૃદ્ધિ થયાની નોંધ લેવાઈ છે.

સેવાઓની નિર્યાતને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી સરકારે વિદેશ વ્યાપારનીતિ ૨૦૧૫-૧૬ની પોતાની મધ્યાવધિ સમીક્ષામાં ભારત દ્વારા સેવા નિર્યાત યોજના (એસઈએસ) અંતર્ગત આપવામાં આવેલાં પ્રોત્સાહનોમાં ૨ ટકાનો વધારો કર્યો છે. જેના પરિણામ સ્વરૂપ ૧૧૪૦ કરોડ રૂપિયાનું વધારાનું વાર્ષિક પ્રોત્સાહન નિશ્ચિત થયું છે. આનાથી હોટલ તથા રેસ્ટોરાં, ઈસ્પિતાલ, શૈક્ષણિક સેવાઓ સહિત સેવા નિર્યાતમાં ઉલ્લેખનીય મદદ મળી શકે છે. એમ તો વસ્તુઓ તથા સેવાઓના વિશ્વવ્યાપારની ગતિ વર્ષ ૨૦૧૮માં ઘણી ઝડપી થવાનું અનુમાન છે, પરંતુ વધતી જતી વૈશ્વિક અનિશ્ચિતતા, સંરક્ષણવાદ અને કડક પ્રવાસન (માઈગ્રેશન) નિયમ ભારતની સેવા નિર્યાતને વિશિષ્ટ બનાવવામાં મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે.

**વિધાનગૃહમાં રાજ્યપાલશ્રીના પ્રવચન પરના આભાર પ્રસ્તાવમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનું જોશીલું-સંવેદનાસ્પર્શી વક્તવ્ય**



# 'ભૂલ સે ભી મુખ મેં જાતિ-પંથકી ન બાત હો'-જાતિ-જાતિ-ધર્મ આધારિત અપીઝમેન્ટની રાજનીતિને તિલાંજલિ અમે આપી છે - શ્રી વિજયભાઈ રૂપાણી

## સંવેદનશીલ અભિગમ, પારદર્શક વહીવટ, નિર્ણાયક પરિશ્રમ અને પ્રગતિશીલતાની પ્રતિબદ્ધતાને વરેલી છે આ સરકાર

ગુજરાતની જનતાએ સતત ૨૨-૨૨ વર્ષ પછી પણ ભારતીય જનતા પક્ષને ૪૯.૧ ટકા મત આપી સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો છે. ૨૦૧૨ની વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓમાં ભાજપાનો વોટ શેર ૪૭.૮૫ ટકા હતો. તે વધીને ૨૦૧૭માં ૪૯.૧ ટકા થયો છે. ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, હરીયાણા, ઝારખંડ, ઉત્તરાખંડ, આસામ, અરૂણાચલ પ્રદેશ, મણિપુર, આંધ્રપ્રદેશ જેવાં રાજ્યોમાં કોંગ્રેસ-અન્ય પક્ષની સરકારો રીપીટ નથી થઈ. ગુજરાતમાં ભાજપની સરકારમાં લોકોએ ફરી વિશ્વાસ મૂકી તેને રીપીટ કરી છે. આ ઘટના સ્વયં એક ભાજપની જનસ્વીકૃતીને પ્રતિપાદીત કરવા માટે પૂરતી છે.

અંદાજપત્રનું કદ એટલે કે નાણાકીય જોગવાઈ અને બજેટ સાઈઝના આધારે સરકારના નાણાકીય વ્યવસ્થાપનનું મૂલ્યાંકન થતું હોય છે. ગુજરાતની બજેટ સાઈઝ વર્ષ ૨૦૧૭-૧૮ના સુધારેલા અંદાજો મુજબ રૂ. ૧,૬૮,૮૩૮ કરોડ હતી જે હવે વર્ષ ૨૦૧૮-૧૯માં વધીને રૂ. ૧,૮૩,૬૬૬ કરોડ કરવામાં આવી છે, જે રૂ. ૧૪,૮૨૮ કરોડનો માતબર વધારો દર્શાવે છે. આ જ જનહિત માટેનો સૌથી મોટો માપદંડ કહી શકાય કે, લોકોના કલ્યાણ માટે અમે રૂ. ૧,૮૩,૬૬૬ કરોડની માતબર રકમનું નાણાકીય વ્યવસ્થાપન કર્યું છે. નોંધનીય બાબત એ છે કે, અમે એક પણ વાર ઓવરડ્રાફ્ટ લીધો નથી. સાતમા પગારપંચનો સૌથી પહેલા અમલ કરનારું ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ રાજ્ય છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા પ્રકાશિત થયેલ આંકડાઓ મુજબ ભારતનાં મુખ્ય રાજ્યોમાં રૂ. ૫,૯૪૭ કરોડની મહેસૂલી આવકમાં સરપ્લસ સાથે ગુજરાત અગ્રેસર રહ્યું છે. જ્યારે મહારાષ્ટ્ર રૂ. ૩૬૪૦ કરોડ, આંધ્રપ્રદેશ રૂ. ૪૮૭૦ કરોડ, પંજાબ રૂ. ૭૯૮૦ કરોડ, રાજસ્થાન રૂ. ૮૮૦૦ કરોડ, હરિયાણા રૂ. ૧૨૨૮૦ કરોડ, તમિલનાડુ રૂ. ૧૫૮૫૦ કરોડની મહેસૂલી ખાદ્ય ધરાવે છે.

ખેડૂત સમૃદ્ધ તો ગામડાં અને શહેરો સમૃદ્ધ તેમજ ગામડાં અને શહેરો સમૃદ્ધ તો આખેઆખું ગુજરાત સમૃદ્ધ. રાજ્યમાં ૧.૬૮ લાખ ચેકડેમો ઉપરાંત ૨૭૦૦૦થી વધુ તળાવો ઊંડા કરવાના કામ દ્વારા અંદાજે ૪,૨૪,૦૦૦ હેકટર કરતાં પણ વધુ વિસ્તારને અમે સિંચાઈના પાણીની સવલત પૂરી પાડી શક્યા છીએ.

સૌની યોજનાના બીજા તબક્કાની ૧૨ પેકેજની કામગીરી માટે અમે રૂ. ૧૭૬૫ કરોડની માતબર રકમની જોગવાઈ કરી છે આનાથી સૌરાષ્ટ્ર વિસ્તારનાં ૫૭ જળાશયોના ૩,૭૩,૦૦૦ એકર વિસ્તારમાં સિંચાઈની સવલત વધુ સુદ્રઢ બનશે. સુજલામ્ સુફલામ્ યોજનાને આપણે આગળ વધારવા માટે રૂ. ૧૦૭૪ કરોડના અંદાજિત ખર્ચવાળી પાંચ ઉદવહન સિંચાઈ યોજનાઓ પીયજથી ઉણાદ, ધાંધુસરથી રેડલક્ષ્મીપુરા, ભાસરિયાથી સામેત્રા, કુડા-ડભોડા-ભીમપુરા અને ખેરવાથી વિસનગર માટે રૂ. ૨૨૨ કરોડની માતબર રકમની જોગવાઈ અમે કરી છે જેના પરિણામે મહેસાણા અને ગાંધીનગર જિલ્લાના ૧૮૦૦૦ હેકટર ઉપરાંતના વિસ્તારને સિંચાઈના લાભ મળશે. વર્ષ ૨૦૦૦-૦૧માં ગુજરાત રાજ્યનો કુલ વાવેતર વિસ્તાર ૧૦૪.૯૭ લાખ હેકટરથી વધીને વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૨૪.૬૩ લાખ હેકટર થયો છે.

માઈક્રો ઈરીગેશન એટલે કે સૂક્ષ્મ સિંચાઈ જેમાં ટપક અને સ્પ્રિંકલર પદ્ધતિનો સમાવેશ થાય છે, જેમાં દેશભરમાં ગુજરાત અગ્રેસર રહ્યું છે. રાજ્યમાં કુલ ૧૫.૮૪ લાખ હેકટર વિસ્તારને આપણે માઈક્રો ઈરિગેશન પદ્ધતિ હેઠળ આવરી શક્યા છીએ જેનો રાજ્યના ૧૦ લાખ જેટલાં ખેડૂતોએ લાભ લીધો છે. ખેતરે ખેતરે લહેરાય હરિયાળી ખુશી, તાત જગતનો કહેવાયો એ હાંકે છે જે હળ એ ગુજરાતી

હું ગુજરાતી, તું ગુજરાતી, આપણ સૌનું તળ ગુજરાતી... કૃષિક્ષેત્રે આપણે અનેક ચમત્કાર સર્જી શક્યા છીએ.

બે દાયકા પહેલાં મગફળીનું ઉત્પાદન ૧૦.૩૨ લાખ મેટ્રિક ટન હતું જે વધીને વર્ષ ૨૦૧૭-૧૮માં ૩૨.૦૬ લાખ મેટ્રિક ટન થયું છે. ગુજરાતમાં ૧૯૯૫-૯૬માં ફળોનું ઉત્પાદન ૨૧.૨૯ લાખ મેટ્રિક ટન હતું તેમાં વર્ષ ૨૦૧૬-૧૭માં ૪ ગણા કરતાં પણ વધારો એટલે કે ૮૯.૫૩ લાખ મેટ્રિક ટન થયો છે. ૧૯૯૫-૯૬માં કપાસનું ઉત્પાદન ૨૪.૮ લાખ બેલ (ગાંસડી) હતું જે વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૨૭.૫ લાખ બેલ (ગાંસડી) ૫૨ પહોંચ્યું છે. બે દાયકા પહેલાં ગુજરાતમાં શાકભાજીનું ઉત્પાદન માત્ર ૨૦.૮૯ લાખ મેટ્રિકટન હતું જેની સામે વર્ષ ૨૦૧૬-૧૭માં ૧૩૧.૬૧ લાખ મેટ્રિક ટનથી વધુ થયું છે. ૧૯૯૫-૯૬માં રાજ્યમાં અનાજનું કુલ ઉત્પાદન ૪૭.૭૪ લાખ મેટ્રિક ટન હતું જે વધીને આજે ૨૦૧૭-

૧૮માં ૬૬.૮૮ લાખ મેટ્રિક ટન થયું છે. ૧૯૯૫-૯૬માં ગુજરાત રાજ્યમાં ઘઉંનું ઉત્પાદન ૧૨.૩૨ લાખ મેટ્રિક ટન હતું જે વધીને ૨૦૧૭-૧૮માં ૩૦.૪૦ લાખ મેટ્રિક ટન ઉપર પહોંચ્યું છે. ૧૯૯૫-૯૬માં ડાંગરનું ઉત્પાદન ૧૦.૯૩ લાખ મેટ્રિક ટન હતું જે વધીને આજે ૧૭.૬૨ લાખ મેટ્રિક ટન થયું છે. ૧૯૯૫-૯૬માં તેલીબિયાંનું ઉત્પાદન ૨૨.૧૨ લાખ મેટ્રિક ટન હતું તે વર્ષ ૨૦૧૭-૧૮માં ૪૯.૩૨ લાખ મેટ્રિક ટન ઉપર પહોંચ્યું છે. ટામેટાં, ડુંગળી, બટાકા જેવા પાક ઉત્પાદનમાં ગુજરાત ભારતભરમાં અગ્રસ્થાને છે.

શાંતિને સાહસથી જીવવું જગ આખે ઝળહળતો ગુજરાતી...

ઔદ્યોગિક વિકાસ ઉપર માપદંડ આધારિત વાત કરવા માગું છું. ગુજરાતને વિશ્વભરમાં 'ગ્લોબલ ગેટ વે ઓફ ઇન્ડિયા' તરીકે જોવાઈ રહ્યું છે. બે દસક પહેલાં ગુજરાતના કોઈપણ શહેરમાં ઇન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટની વાત કરી શકાય એમ ન હતી. વર્ષ ૨૦૦૧ પછી સરકારે નિર્ણાયકતાથી અસરકારક પગલાં લીધાં અને એના કારણે ગુજરાત વિશ્વનું બેસ્ટ ઇન્વેસ્ટમેન્ટ હબ બની ગયું. નેશનલ કાઉન્સિલ ફોર એપ્લાઈડ ઈકોનિમિક રિસર્ચ દ્વારા ઇન્વેસ્ટમેન્ટ પોટેન્શિયલ ઈન્ડેક્ષના આંકડા રજૂ કરવામાં આવ્યા છે, જે મુજબ ગુજરાતને ઓવરઓલ રેન્કીંગમાં પ્રથમ ક્રમાંક આપવામાં આવ્યો છે. એન્યુઅલ સર્વે ઓફ ઇન્ડસ્ટ્રીઝના રિપોર્ટ પ્રમાણે ગુજરાતમાં ઔદ્યોગિક ઉત્પાદન ૨૦૧૩-૧૪માં રૂ. ૧૨.૩૧ લાખ કરોડનું હતું તે વર્ષ ૨૦૧૪-૧૫માં ૧૨.૭૦ લાખ કરોડનું થયું છે. આનો સ્પષ્ટ અર્થ એ થયો કે, ગુજરાતમાં સ્થપાયેલા ઉદ્યોગો બીમાર-માંદા નથી પડતાં પણ વધુ મજબૂતીથી આગળ વધી રહ્યા છે. નેટ વેલ્યુ એડિશન અગત્યની પારાશીશી છે. ચોખ્ખી આવક મૂલ્યવૃદ્ધિ અગાઉ રૂ. ૧.૨૮ કરોડની હતી તે વધીને ૧.૭૦ લાખ કરોડ ઉપરાંતની થઈ ગઈ છે. એનો સીધો અર્થ એવો થાય કે, ચોખ્ખી ઔદ્યોગિક મૂલ્યવૃદ્ધિમાં ૩૨.૧૨ ટકાનો વધારો થયો છે.

ભારત સરકારના ઉદ્યોગ મંત્રાલયના આંકડા મુજબ વર્ષ ૨૦૦૦થી ૨૦૧૭ સુધીમાં ૧૬.૬૫ બિલિયન ડોલરનું ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમન્ટ આપણાં ગુજરાતમાં આવ્યું છે. એનો અર્થ એ થયો કે, ૧,૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું એફડીઆઈ ગુજરાતને પ્રાપ્ત થયું છે. વર્ષ ૨૦૧૩-૧૪થી ૧૬-૧૭ની વચ્ચે ગુજરાતમાં એફડીઆઈ લગભગ ચારગણું વધ્યું છે. ઈન્ડ્સ્ટ્રીઝ ફ્રેન્ડલી પોલીસી વાઈબ્રન્ટ ગુજરાત જેવી મહત્વપૂર્ણ અને નિર્ણાયક બાબતોના કારણે ગુજરાતને આપણે દેશ અને દુનિયાના વિકસિત પ્રદેશની હરોળમાં મૂકી શક્યા છીએ.

ગુજરાતે ૨૩ અસરકારક નીતિઓ અમલમાં મૂકી છે. ગુજરાત પોલીસી ડ્રિવન સ્ટેટ છે. ઔદ્યોગિક ક્ષેત્રે હરણફાળ : એમ.એસ.એમ.ઈ.ના વિકાસ માટે વિશેષ પ્રાધાન્ય પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. ૫૦ લાખ, ૨ કરોડ, રૂ. ૧૦ કરોડ સુધીનું મૂડીરોકાણ ધરાવતાં એકમોને સહાય આપવા માટે અમે આગામી વર્ષ માટે કુલ રૂ. ૮૪૩ કરોડની માતબર રકમની જોગવાઈ કરી છે. દેશના કુલ ખાનગી કોર્પોરેટ રોકાણમાં ગુજરાતનો હિસ્સો ૨૨.૭ ટકા છે. વર્ષ ૨૦૧૧થી ૨૦૧૫ની વચ્ચે ગુજરાતમાં ડેરી ઉત્પાદનોમાં ગુજરાતનું આઉટપુટ ૨૩ ટકા સીએજીઆરથી વધ્યું છે.

છોટે મન સે કોઈ બડા નહી હોતા, ઔર તુટે મન સે કોઈ ખડા નહી હોતા...

હવે ગુજરાતનો યુવાન હાથ ફેલાવીને મોં વકાસીને રોજગારી માંગતો નથી પણ રોજગારી આપી રહ્યો છે. ગુજરાતનો યુવાન 'જોબ સીકર નહીં જોબ ગીવર' બન્યો છે. ૩ લાખ યુવાનોને અમે ટેબલેટ આપીને આંગળીના ટેરવે તેમની સમક્ષ સમસ્ત વિશ્વ મૂકી દીધું છે. કોંગ્રેસના મિત્રો બેકારી ભથ્થું આપીને બેકારોની ફોજ ઊભી કરવાની વાત કરે છે પણ મારે દ્રઢતાપૂર્વક આ સદનને જણાવવું છે કે અમે બેકારી ભથ્થું આપીને ગુજરાતના યુવાનને નિર્માલ્ય અને પાંગળો બનાવવાના મતના નથી. વર્ષ ૨૦૦૨થી રોજગારી આપવામાં આપણું ગુજરાત પ્રથમ ક્રમે આવે છે. ૮૦૦૦૦ યુવાનોને સરકારી નોકરી આપવાનો ગુજરાતે વિક્રમ સર્જ્યો છે. ગુજરાતમાં સૌથી ઓછો બેરોજગારીનો દર છે. મહારાષ્ટ્રમાં દર હજારે ૨૧, પશ્ચિમ બંગાળમાં દર હજારે ૪૯, કેરલામાં ૧૨૫, ઉત્તર પ્રદેશમાં ૭૪ની સામે ગુજરાતમાં માત્ર ૯ છે. એમ્પ્લોયમેન્ટ રજિસ્ટર પર નોંધાયેલ બેરોજગાર યુવાનોની સંખ્યા જોઈએ તો મહારાષ્ટ્રમાં ૩૮.૨૧ લાખ, બંગાળમાં ૭૬.૭૨ લાખ, કેરલામાં ૩૭.૩૨ લાખ, ઉત્તર પ્રદેશમાં ૬૯.૫૬ લાખ છે. જેની સામે ગુજરાતમાં માત્ર ૫.૩૦ લાખ છે.

૧૯૯૫-૯૬માં ગુજરાતમાં રોજગાર કચેરી દ્વારા ૩૭,૦૦૦ યુવાનોને નોકરી આપવામાં આવી હતી તેની સામે વર્ષ ૨૦૧૬-૧૭માં રોજગાર કચેરીઓ દ્વારા ૩,૬૦,૦૦૦ યુવાનોને આપણે રોજગાર આપી શક્યા છીએ. શાંત, સલામત અને પોલીસી ડ્રીવન ગુજરાતમાં પરપ્રાંતના લોકો પણ રોજગારી માટે આવી વસી ગયા છે. મુદ્રા યોજના અન્વયે સ્વરોજગાર માટે આ વર્ષે ગુજરાતમાં ૧૦ લાખ જેટલા યુવાનોને રૂ. ૬,૯૪૯ કરોડનું ધિરાણ બેન્ક મારફત આપવામાં આવ્યું છે. અત્યાર સુધીમાં કુલ ૩૧.૧૦ લાખ યુવાનોને રૂ. ૨૦,૧૬૫ કરોડનું ધિરાણ આપવામાં આવ્યું છે. બેન્કમાં ખાતા ખોલવામાં આવ્યા છે. આ સરકાર ગરીબોની સરકાર છે : ૩૮ ગરીબકલ્યાણ મેળા : ૧૫.૫૭ લાખ લાભાર્થીઓ : રૂ. ૩૬૩૩ કરોડની સહાય : અત્યાર સુધીમાં ૧૦ તબક્કાઓમાં યોજાયેલા કુલ ૧૪૯૧ ગરીબ કલ્યાણ મેળા : ૧૩૪.૩૬ લાખ લાભાર્થીઓ : રૂ. ૨૩,૮૯૦ કરોડની સહાય આપી છે.

કોઈ ભૂખ્યું સૂવે નહીં એની કાળજી પણ આ સરકાર રાખે છે : ગરીબોને બે રૂપિયે ઘઉં અને ત્રણ રૂપિયે ચોખા આપી આ સરકાર તેમનું ધ્યાન રાખે છે. શ્રમિક અન્નપૂર્ણા યોજના દ્વારા માત્ર રૂપિયા ૧૦માં ૮ શહેરોમાં પ્રતિદિન ૨૫૦૦૦ થી વધુ શ્રમિકોને ભરપેટ ભોજન ખવડાવે છે. મા અમૃતમ અને મા વાત્સલ્ય

યોજના અંતર્ગત બે લાખ સુધીની કેસલેસ સારવાર મેળવવા વાર્ષિક આવકમર્યાદા રૂ. ૧.૨૦ લાખથી વધારી રૂ. ૨.૫૦ લાખ કરી છે. ૧૫૬ જેનરીક મેડિકલ સ્ટોર્સ : ૧૪ લાખથી વધુ લાભાર્થીઓને ૮૫ કરોડની જેનરીક દવાઓ પૂરી પાડવાનું ભગીરથ કાર્ય સરકારે કર્યું છે. પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજનાનો ૧૨.૮૮ લાખ લોકોને લાભ આપ્યો છે. ગત વર્ષે ૩૬૫ લાખ લોકોને સસ્તા દરે અનાજ આપ્યું છે.

આ સરકાર વંચિતો-પીડિતોની છે : અનુસૂચિત જાતિના કલ્યાણ માટેની તમામ યોજનાનો લાભ લેવા માટે ગ્રામ્ય વિસ્તારમાં આવકમર્યાદા રૂ. ૪૭,૦૦૦થી વધારીને રૂ. ૧,૨૦,૦૦૦ કરી છે અને શહેરી વિસ્તાર માટે રૂ. ૬૮,૦૦૦થી વધારીને રૂ. ૧,૫૦,૦૦૦ કરી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આ સરકારે સમરસ હોસ્ટેલ બનાવી છે. આ સરકાર વનબંધુઓના વિકાસને વરેલી છે વનબંધુ કલ્યાણ યોજના અન્વયે અમે છેલ્લા પાંચ વર્ષમાં રૂ. ૩૮,૨૩૧ કરોડની રકમનો આદિવાસી વિકાસના વિવિધ કાર્યો માટે ખર્ચ કર્યો છે. આદિજાતિના વિકાસ માટે રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮માં રૂ. ૧૨,૫૫૯ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી હતી. સૌ કોઈના આરોગ્યની દરકાર કરનારી આ સરકાર છે : વર્ષ ૧૯૯૫-૯૬માં ઈન્સ્ટિટ્યૂશનલાઈઝ ડિલીવરી ૩૬ ટકા હતી જ્યારે આજે વર્ષ ૨૦૧૭-૧૮માં ૯૮.૯ ટકા ઈન્સ્ટિટ્યૂશનલાઈઝ ડિલીવરી થાય છે. સામુહિક આરોગ્ય કેન્દ્રોની સંખ્યા વર્ષ ૧૯૯૫-૯૬માં માત્ર ૧૮૫ હતી જે આજે ૩૬૪ ઉપર પહોંચી છે. રાજ્યમાં અગાઉ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ૩૫૭ હતા તે વધીને આજે ૧૩૭૩ થયા છે. શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ૧૫૦ લાખ ઉપરાંત વિદ્યાર્થીઓની તબીબી ચકાસણી કરીને આ સરકારે તેમના આરોગ્યની દરકાર કરી છે. ૧૧,૯૧૦ વિદ્યાર્થીઓને હાર્ટ એટેક, કેન્સર, બોનમેરોન ટ્રાન્સપ્લાન્ટ, કીડની ટ્રાન્સપ્લાન્ટ જેવી સુપર સ્પેશ્યાલિટી સારવાર પૂરી પાડવામાં આવી છે. ૧.૨૭ કરોડ ઉપરાંત મહિલાઓને બ્રેસ્ટ કેન્સર સંદર્ભે પરીક્ષણ કરવામાં આવ્યું છે.

પાણીનો દુકાળ હવે ગુજરાતનો ભૂતકાળ બન્યો છે ગુજરાતના પનોતાપુત્ર શ્રી નરેન્દ્રભાઈ મોદીની કેન્દ્રમાં સરકાર બનતાંની સાથે સરદાર સરોવર બંધ ઉપર ૩૦ દરવાજા મૂકવાની મંજૂરી મળી ગઈ. અગાઉના વર્ષની સાપેક્ષમાં સિંચાઈના પાણીની માંગમાં ઘણો મોટો વધારો થયો છે. આ વર્ષે ઓછું પાણી હોવા છતાં સંયમિત અને કરકસરયુક્ત ઉપયોગ કરીને ખરીફ પાકને રક્ષણાત્મક સિંચાઈનું પાણી તથા રવી સિઝનમાં ખેડૂતોને માગણી મુજબનું પાણી અમે આપ્યું છે અને ૧૫મી માર્ચ સુધી આપવાના છીએ.

વ્યસનમુક્ત ગુજરાત : ઝૂમતા ગુજરાત નહીં વ્યસનમુક્ત ગુજરાતનો આ ટંકાર છે... ગુજરાતના વિકાસને ન સહી શકનારા ગુજરાતનું અહિત ઈચ્છનારા ગુજરાતને બદનામ કરવાનો એક પણ મોકો છોડતા નથી. ધરતીકંપ વખતે ગુજરાતને બદનામ કર્યું. ૨૦૦૨માં કોમી રમખાણો વખતે ગુજરાતને બદનામ કર્યું. ૨૦૧૭ની ચૂંટણી જીતવા સમાજને તોડવા માટે જ્ઞાતિ અને ધર્મનું રાજકારણ ખેલાયું. અને હવે ઝૂમતા ગુજરાત કહીને ગાંધીના ગુજરાતનું અપમાન થઈ રહ્યું છે. નશાબંધી કાયદાને અમે કડક બનાવી નાખ્યો છે. ગાંધી અને સરદારના ગુજરાતમાં દારૂ પીને લથડિયાં ખાતા કે ઝૂમતા રોડ ઉપર નીકળવાની કોઈ હિંમત નહીં કરે. નશાબંધી નીતિનો કડક અમલ કરી નશાબંધીના કાયદામાં સરકારે સુધારો કર્યા બાદ દારૂની નશાખોરીની પ્રવૃત્તિને લગતા ગુનાઓમાં ૪૭ ટકાનો ઘટાડો નોંધાયો. દારૂની હેરાફેરી સાથે સંકળાયેલા ૩૬,૫૯૮ જેટલાં વાહનોને જપ્ત કર્યા છે.

ગુજરાતના ખૂણેખૂણાના વિકાસ માટે આ સરકારની પ્રતિબદ્ધતા પ્રત્યેક ગુજરાતીએ સ્વીકારી છે... આ સરકાર જનતાની સેવા સારી રીતે કરી રહી છે એનું પ્રમાણ એટલે અનેક ક્ષેત્રમાં આપણું ગુજરાત નંબર વન છે.

માનનીય રાજ્યપાલશ્રીએ તેમના પ્રવચનમાં સરકારે જનહિતલક્ષી વિકાસના કરેલા અનેક કાર્યોનો ઉલ્લેખ કરી મારી સરકાર દ્વારા કરવામાં આવેલી ગુજરાતની વિકાસયાત્રાને બિરદાવી એ બદલ હું એમનો હૃદયપૂર્વક આભાર માનુ છું.

અમે વાયદા નહીં પણ કહીએ એનાથી સવાયું કરીએ છીએ. ગુજરાતની આન બાન અને શાનને ઠેસ ન લાગે. ગુજરાતની પ્રતિષ્ઠાને ઊણી આંચ ન આવે. એ માટે અમે સુશાસનથી જનતાની સેવા દ્વારા જનજનની સિદ્ધિ અને સમૃદ્ધિ માટે પ્રતિબદ્ધ છીએ. આ ગુજરાત મહાત્મા ગાંધીનું છે. આ ગુજરાત સરદાર વલ્લભભાઈ પટેલનું છે. આ ગુજરાત શામજીકૃષ્ણ વર્માનું છે. આ ગુજરાત હેમચંદ્રાચાર્યજીનું છે. આ ગુજરાત નરસિંહ મહેતાનું છે. આ ગુજરાત પ્રમુખસ્વામી અને મોરારીબાપુનું છે. આ ગુજરાત મહારાજા ભગવતસિંહજી અને મહારાજા કૃષ્ણકુમારસિંહજીનું છે. આ ગુજરાત આદિવાસી ક્રાંતિવીર ગોવિંદગુરુનું છે. આ ગુજરાત ઠાકોરોના ગુરૂ સદારામ બાપુનું છે. આ ગુજરાત દલિત વંદનીય વીર મેઘમાયાનું છે. આ ગુજરાત મોરારજી દેસાઈ અને નરેન્દ્ર મોદીનું છે.

''ભૂલ સે ભી મુખ મે જાતિ-પંથ કી ન બાત હો...ભાષા પ્રાંત કે લિયે કભી ન રક્તપાત હો.... આ રહી હૈ ચારોં ઓર સે યહી પુકાર હમ કરેંગે ત્યાગ માતૃભૂમિ કે લિયે અપાર'' સંવેદનશીલ અભિગમ, પારદર્શક વહીવટ, નિર્ણાયક પરીશ્રમ અને પ્રગતિશીલતાની પ્રતિબદ્ધતાને વરેલી છે આ સરકાર છે. મુખ્યમંત્રીશ્રીએ આ ઉપરાંત સભાગૃહના સભ્યોને ગુજરાત એવરેજ ગ્રોથ રેટ, સેવાસેતુ દ્વારા જનસમસ્યાના નિવારણ, ખુલ્લામાં શૌચક્રિયામુક્તિ, સૌરઊર્જા ઉત્પાદન, એમ.એસ.એમ.ઈ., એલ.ઈ.ડી. બલ્બ, પંખા ટ્યૂબ લાઇટનું વિતરણ, કૃષિ પાક ઉત્પાદન સહિતના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાત નંબર વન છે તેની પણ વિશદ ભૂમિકા પોતાના આભાર પ્રસ્તાવમાં આપી હતી. ●

## કોંગ્રેસના તુષ્ટીકરણ, કોમવાદ, જાતિવાદ અને જુઠ્ઠાણાંઓ દ્વારા નકારાત્મકતા ઊભી કરવાના તમામ પ્રયાસોને રાજ્યની જનતાએ ફગાવી દીધા છે - શ્રી જીતુભાઈ વાઘાણી



### ગૃહમાં ભગવાનના નામે શપથ લેવામાં પણ કેટલાક સભ્યોને શરમ આવે છે ત્યારે, ભગવાન પણ દુ:ખ સાથે કહેતો હશે તમને મારા પર ભરોસો નહિ કે ?

ભાજપાના પ્રદેશ અધ્યક્ષ અને ભાવનગરના ધારાસભ્યશ્રી જીતુભાઈ વાઘાણીએ ગુજરાત વિધાનસભા ગૃહના અંદાજપત્ર સત્રમાં રાજ્યપાલશ્રીએ કરેલા સંબોધન પરના આભાર પ્રસ્તાવમાં જણાવ્યું હતું કે, લોકશાહીના પર્વ સમાન ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓમાં શાંતિમય રીતે ઉત્સાહપૂર્વક ભાગ લઈ રાજ્યના કરોડો મતદારોએ લોકતંત્રનું મૂલ્ય વધાર્યું છે. કોંગ્રેસે તેની નકારાત્મક રાજનીતિના ભાગરૂપે કોમવાદ, જાતિવાદ, જુઠ્ઠાણાંઓ, તુષ્ટિકરણ જેવા અનેક પડકારો ઊભા કરવાના વ્યર્થ પ્રયાસો કર્યા પરંતુ ગુજરાતની શાણી અને સમજુ પ્રજાએ તેને જાકારો આપ્યો છે. રાજ્યની જનતાએ ભાજપાની લોકકલ્યાણકારી અને વિકાસની રાજનીતિને સ્વીકારીને રાજ્યમાં સતત છઠ્ઠી વખત ભાજપાને વિજય અપાવ્યો છે તે બદલ ગુજરાતની જનતા જનાર્દનનો હૃદયપૂર્વક આભાર માનું છું.

શ્રી જીતુભાઈ વાઘાણીએ વિપક્ષ પર કટાક્ષ કરતાં જણાવ્યું હતું કે, કેટલાક લોકો વારંવાર સ્પ્રીંગની જેમ ઊછળીને ગૃહની કાર્યવાહી ખોરવવાના પ્રયાસો કરતા હોય છે પરંતુ, ગુજરાતની જનતા આવા લોકોને સ્પ્રીંગની જેમ જ ઉછાળીને વિધાનસભાની બહાર ફેંકી દે છે. મારે દુ:ખ સાથે કહેવું પડે છે કે, ૧૪મી વિધાનસભાના સભ્ય તરીકેના શપથ આ ગૃહના સભ્યો લઈ રહ્યા હતા ત્યારે કેટલાક લોકોને ભગવાનના નામે શપથ લેવામાં પણ શરમ આવે છે ત્યારે મને લાગે છે કે ભગવાન પણ દુ:ખ સાથે કહેતો હશે કે તને મારા પર ભરોસો નહિ કે ? ભગવાનને ન માનવાવાળા લોકો ભગવાન શ્રીરામના અસ્તિત્વ સામે સવાલો ઊભા કરી કોર્ટમાં એફિડેવિટ ફાઈલ કરે તે સ્વાભાવિક છે. કોંગ્રેસના કપિલ સિબ્બલ કોર્ટમાં એવી દલીલ કરે કે ૨૦૧૯ સુધી રામમંદિર બનવા નહિ દેતા ત્યારે રામમંદિરની વાતો કરતા વિપક્ષના નેતાને હું કહું છું કે, કોંગ્રેસમાં હિંમત હોય તો તમારી પાર્ટીમાં રામમંદિર માટેનો ઠરાવ કરીને બતાવો. અમારી પાર્ટીનો એજન્ડા તો સ્પષ્ટ છે કે રામમંદિર બનવું જ જોઈએ.

શ્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, જનતાની આશા અને અપેક્ષાઓ પૂર્ણ કરવા માટે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલની સરકાર અથાગ પરિશ્રમ કરી રહી છે. ત્યારે, વિપક્ષને પણ મારી વિનંતી છે કે, વિધાનસભા એ કોઈ રણસંગ્રામનું મેદાન નથી, ચૂંટણીઓ પૂરી થઈ છે. અહીંયાં ગુજરાતના ભવિષ્યની નીતિઓ નિર્ધારિત કરવા માટેની જવાબદારીઓ સત્તા પક્ષ અને વિપક્ષની છે. ગૃહમાં ધાંધલ-ધમાલ મચાવી કામગીરીને અટકાવવાનો પ્રયાસ લોકતંત્રને શોભે તેવો નથી. મૂલ્યનિષ્ઠ જવાબદારી નિભાવવા માટે હું વિપક્ષને વિનંતી કરું છું. ગૃહની ગરિમા અને ગૌરવશાળી ઈતિહાસ જાળવવાની જવાબદારી આપણા સૌની છે. અમારી પાર્ટીની સરકારનું મન ખુલ્લું છે તમારી પાસે કોઈ નવી યોજનાઓ હોય, નવા વિચારો હોય તો ગુજરાતના ઉજ્જ્વળ ભવિષ્ય માટે તમારાં સૂચનો આવકારવામાં અમને જરા પણ છોછ નથી. ''સિર્ફ હંગામા ખડા કરના હમારા મકસદ નહિ, હમારી કોશિશ યે હો કિ સૂરત બદલની ચાહીએ.''

'બાધાએ આતી હૈ તો આયે, ઘિરે પ્રલય કી ઘોર ઘટાએં, પાંવો કે નીચે અંગારે, સીર પર બરસે યદી જ્વાલાએં,
નિજ હાથોં મે હસતે હસતે, આગ લગાકર જલના હોગા, કદમ મિલાકર ચલના હોગા, કદમ મિલાકર ચલના હોગા.'

શ્રી જીતુભાઈ વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, ગુજરાત વધુ વૈભવશાળી બને તે ધ્યેય સાથે મરજીવા થઈને અમે નીકળ્યા છીએ. ''તેરા વૈભવ રહે મા, હમ દિન ચાર રહે ના રહે'' આ મંત્રને લઈને ભાજપાની સરકાર અવિરત કાર્યરત રહેશે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

REGD. NO. GAMC 563/2018-20 VALID UP TO 31-12-2020 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/HQ/077/2018-20 VALID UP TO 31-12-20 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev

## રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ અને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતિમાં નવી દિલ્હીમાં ભાજપાના નવનિર્મિત કેન્દ્રીય કાર્યાલયનું ઉદ્‌ઘાટન થયું ત્યારની તસવીરો











**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.